ઓક્ટોબર ૨૦૧૦

કિંમત રૂ. ૧૦

# દાદાવાણી



બીજાની ભૂલો ક્યારેય ન જોઇશું,
નિમિત્તને દોષિત ક્યારેય ન ગણશું,
પોતાની ભૂલનું રક્ષણ ન કરીશું,
ભૂલો ભાંગીને અમે ચોખ્ખા રે થઇશું.



**તંત્રી તથા સંપાદક :**
**દીપક દેસાઈ**
વર્ષ : ૧૬, અંક : ૨
સળંગ અંક : ૧૮૨
**ઓક્ટોબર ૨૦૧૦**



**સંપર્ક સૂત્ર :**
ત્રિમંદિર, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.- **અડાલજ**,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
**ફોન :** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email : dadavani@dadabhagwan.org
**અમદાવાદ:** (૦૭૯)
૨૭૫૪૦૪૦૮, ૨૭૫૪૩૯૭૯
**રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮
**ભૂજ :** (૦૨૮૩૨) ૨૩૬૬૬૬
**વડોદરા:** (૦૨૬૫)૨૪૧૪૧૪૨
**મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
**U.S.A.** : +1 785-271-0869
**U.K.** : +44 7956476253
**Website:** www.dadashri.org
www.dadabhagwan.org



**Printed, Published & Owned by :**
**Deepak Desai** on behalf of
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printer/Press :**
**Mahavideh Foundation**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

**લવાજમ (ગુજરાતી)**
**૧૫ વર્ષ**
ભારત : ૬૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૦૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૭૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.


# દાદાવાણી

## કીધા રક્ષણ, ભૂલોના ઉપરાણા લઈને

### સંપાદકીય

પરમ પૂજ્ય દાદાશ્રી કહે છે કે આપણે આપણી ભૂલથી બંધાયા છીએ. ભૂલ ભાંગે તો પરમાત્મા જ છીએ. આ ભૂલો જાય તો પોતાનું ભગવાન પદ પ્રાપ્ત થાય એવું છે. પણ આ ભૂલો જાય શી રીતે ? માથાના વાળ જેટલી ભૂલો છે પણ પોતે જ જજ, પોતે જ વકીલ અને પોતે જ આરોપી પછી શી રીતે ભૂલ જડે ? જજ (આત્મા) અને આરોપી (અહંકાર) બેજ જણ હોય તો બધા દોષ દેખાય પણ મહીં વકીલ (બુદ્ધિ) રાખ્યો છે. એ બચાવ કરે પછી ભૂલ કેમ કરીને ભાંગે ? બીજાની ભૂલો કાઢવા માટે પોતે ન્યાયાધીશ છે પણ પોતાની ભૂલ કાઢવા માટે જરાય ન્યાયાધીશ નથી, એય અજાયબી છે ને !

હકીકત એ છે કે જ્યાં સુધી પોતે નિષ્પક્ષપાતી થાય નહીં ત્યાં સુધી ભૂલો દેખાય નહીં. જ્ઞાની પુરુષ પાસેથી સ્વરૂપજ્ઞાન પ્રાપ્ત થવાથી પોતે નિષ્પક્ષપાતી થાય છે અને મન-વચન-કાયાનો પક્ષપાત રહેતો નથી તેથી ભૂલો દેખાય. નિષ્પક્ષપાતી વલણ ઉત્પન્ન થાય તો મોક્ષ સરળ છે. પણ પોતે જાત જોડે જ પક્ષપાત કરે તો ક્યારે પાર આવે ?

કેટલાક તો ભૂલને જાણે છતાં અહંકારને લઈને તે ભૂલને સ્વીકારે નહીં અને ઉપરથી તેને ઢાંકે અને પોષે, પછી ભૂલ શી રીતે જાય ? ભૂલોના ઉપરાણા કેમ લેવાઈ જાય છે ? બુદ્ધિ ભૂલોનું રક્ષણ કરે એટલે. આબરૂ સાચવવા માટે એનું રક્ષણ થાય. પણ ત્યાં કેવડી મોટી ભૂલ થઈ રહી છે એ જ્ઞાન જાગૃતિ વગર શી રીતે સમજાય ?

ગયા અવતારના પાપને લઈને આજની ભૂલ છે. કોઈ આપણી ભૂલ બતાવે અને આપણે કહીએ 'તેનો કંઈ વાંધો નહીં' એટલે ફસાયા. 'ક્રોધ કરવો જ જોઈએ, ક્રોધ ના કરીએ તો લોક સુધરે જ નહીં, તમને એ ના સમજણ પડે પણ કહેવું તો જોઈએ જ ને ? એમાં શું બગડી ગયું, એવું કરવામાં શો વાંધો ?' એમ કહી વિવિધ રીતે ભૂલોના ઉપરાણા લેવાઈ જતા હોય છે. એક ફેરો આવો શેરો મારી દઈએ એટલે ભૂલ જાણે કે આ તો આપણો બચાવ કર્યો, એટલે તે જાય નહીં. પછી એ કાયમી થઈ જાય. ઉપરાણું લે ત્યાં પોતાને ભાન નથી થતું કે આ તો હું ભૂલનું એક્સ્ટેન્શન કરું છું. જો આ ઉપરાણું ના લે તો ભૂલ એના ટાઈમે ઊડીને ઊભી રહે.

ચંદુલાલ (ફાઈલ નં. ૧)ના નામની કોઈ વાત કરે અને સાંભળીને મોઢું બગડી જાય તો પોતે ચંદુલાલ થયા એ વાત નિર્વિવાદ થઈ. આપણે તો 'આત્મા' છીએ. ચંદુને અને 'આપણે' શું લેવાદેવા ? ત્યાં અસર જ ના થાય એવી જાગૃતિ આવવી જોઈએ. ઈફેક્ટિવનેસ, સેન્સિટીવનેસ મોઢા ઉપર આવી જાય એટલે દોષોનું રક્ષણ થયું. પરિણામે આપણી સ્થિરતાનું જ ભક્ષણ થયું. એમાં ખોટ કોને જાય ? એટલે ડગલે ને પગલે જાગૃતિ રહેવી જ જોઈએ.

આપણા ક્રોધ-માન-માયા-લોભ રૂપી કષાયો તો ભૂલો કરાવી ઉધારી કરાવે એવો માલ છે પણ હવે આ આત્મજ્ઞાન પામ્યા પછી ભૂલોને પોષી એના ઉપરાણા ના લેવાય એટલી જાગૃતિ તો આપણે આવવી જ જોઈએ ને ?

જ્ઞાની પુરુષની કૂંચી છે કે ભૂલને ભાંગવા માટે ભૂલને ભૂલ કહેવી પડે. તેનું ઉપરાણું ના લેવાય. તો ચાલો આપણે સહુ જ્ઞાનીએ ચીંધેલ માર્ગે ચાલીને, એમણે આપેલી કૂંચી વાપરીને, ભૂલ વગરના થવાનો પુરુષાર્થ આદરી લઈએ.

**દીપક દેસાઈ....**

# કીધા રક્ષણ, ભૂલોના ઉપરાણા લઈને

## પોતાના દોષો કેમ નથી દેખાતા ?

**દાદાશ્રી :** તમને પોતાના દોષ દેખાય છે ?

**પ્રશ્નકર્તા :** એ જ, પોતાના દોષ ગોતવાની જ જરૂર છે આપણે.

**દાદાશ્રી :** હા, તે શાથી નથી દેખાતા એ ?

**પ્રશ્નકર્તા :** આપણે સંસારમાં અટવાયેલા પડ્યા છીએ, એટલે રોજીંદા કાર્યમાં પરોવાઈ ગયેલા છીએ માટે દેખાતા નથી.

**દાદાશ્રી :** ના, દેખાવામાં કંઈક ભૂલ થઈ રહી છે. પોતે જજ છે, આરોપીય પોતે છે. ગુનો કરનારેય પોતે છે પણ જોડે વકીલ ઊભો કર્યો છે, પોતે જ વકીલ થાય છે પાછો.

**પ્રશ્નકર્તા :** એટલે પોતાનો ખોટી રીતે બચાવ જ કરે છે.

**દાદાશ્રી :** હા, બધો બચાવ જ કર્યો છે. બીજું કશું કર્યું નથી. ખોટી રીતે બધા બચાવ કર્યા.

જગત ઊઘાડી આંખે ઊંઘે છે. એટલે પછી દોષ શી રીતે માલૂમ પડે ? તારા દોષ તને દેખાતા નથી. શી રીતે માણસ પોતાના દોષ દેખી શકે ?

**પ્રશ્નકર્તા :** સ્થૂળ દોષો થોડા દેખાય, સૂક્ષ્મ ના દેખાય.

**દાદાશ્રી :** દોષ કેમ નથી દેખાતા ? ત્યારે કહે છે, 'મહીં આત્મા નથી ?' ત્યારે કહે, આત્મા છે. એટલે કે એ જજ છે ને અહંકાર આરોપી છે. અહંકાર ને જજ (આત્મા) બે જ જણ હોયને, તો બધા દોષ દેખાય, ઘણાખરાં દોષ દેખાય પણ આ તો મહીં વકીલ (બુદ્ધિ) રાખ્યો છે. એટલે વકીલ કહે કે, 'આ બધાંય એવું જ કરે છે ને !' આખો દોષ ઊડી ગયો. તમે જાણો છો વકીલ રાખે છે એવું ? વકીલ રાખે કે ના રાખે લોક ? વકીલ રાખે બધાંય. પોતે જજ, પોતે આરોપી ને પોતે જ વકીલ. બોલો, કલ્યાણ થાય ખરું ?

**પ્રશ્નકર્તા :** ના થાય.

**દાદાશ્રી :** આમતેમ કરીને વકીલ પાછો પતાવી આપે. થાય કે ના થાય એવું ?

**પ્રશ્નકર્તા :** થાય.

**દાદાશ્રી :** આખો દહાડો આનું આ જ તોફાન અને તેનાં દુઃખો છે આ બધાં. બોલો, હવે કેટલી પોતાની ભૂલો બહાર નીકળે ? પોતાની કેટલી ભૂલોનું સ્ટેટમેન્ટ (લખાણ) આપી દે ?

**પ્રશ્નકર્તા :** પછી એ સ્ટેટમેન્ટ શું આપે ?

**દાદાશ્રી :** આ માથાના વાળ છેને, એટલી ભૂલો છે. પણ પોતે જજ ને પોતે વકીલ ને પોતે આરોપી, શી રીતે ભૂલો જડે ? નિષ્પક્ષપાતી વાતાવરણ ઉત્પન્ન ના થાય ને ! નિષ્પક્ષપાતી વાતાવરણ ઉત્પન્ન થાય તો મોક્ષ સરળ છે. મોક્ષ કંઈ છેટો નથી. આ તો પક્ષપાત બહુ છે.

## સાચો ન્યાયાધીશ કોણ ?

બીજાની ભૂલો કાઢવી હોય તો કાઢી આપે, એને માટે ન્યાયાધીશ છે એ, થોડોઘણો, અલ્પ અંશે, પણ પોતાની ભૂલો કાઢવા માટે જરાય ન્યાયાધીશ નથી. એટલે પોતે જજ, પોતે જ વકીલ અને આરોપી પોતે, એટલે કેવું જજમેન્ટ આવે ? પોતાના લાભમાં જ હોય.

**પ્રશ્નકર્તા :** સગવડિયું, બસ ! પોતાને જેવી સગવડ હોય ને એવું લાવીને ગોઠવી દે !

**દાદાશ્રી :** એટલે પછી સંસાર છૂટે નહીંને કોઈ દહાડોય ! આમ તમે સગવડિયું કર્યા કરો અને નિર્દોષ થવું છે, એ બને નહીંને ! વકીલ ના હોય તો જ પોતાની ભૂલો માલૂમ પડે. પણ આજના લોકો વકીલ રાખ્યા વગર રહે નહીંને !

આ જ્ઞાન આપ્યા પછી તરત જ ખબર પડે કે આ ભૂલ થઈ. કારણ કે વચ્ચે વકીલ (બુદ્ધિ) નથી હવે. વકીલ ઘેર ગયા, રિટાયર્ડ થઈ ગયા. ગુનેગાર તો હજુ રહ્યા છે પણ વકીલ ના રહ્યા.

## ઉપરાણું કેમ લેવાઈ જાય છે ?

તમે કોઈના ઉપર અકળાઈ જાવ, ત્યારે તમને કોઈ કહે કે તમે અક્કલ વગરના છો, આવું તે કરાતું હશે ? ત્યારે તમારે કહેવું કે ભઈ, સ્વભાવ જ અવળો છે, વાંકો છે, એ હું જાણું છું. શું થાય તે ? પણ આ લોકો તો કો'ક પૂછેને કે આટલા બધા અકળાવો છો શું કરવા ? ત્યારે કહે, એ તો અકળાવા જેવો જ છે, તમને સમજણ ના પડે. ઊલટું એનું ઉપરાણું લે.

**પ્રશ્નકર્તા :** વકીલને બોલાવે.

**દાદાશ્રી :** વકીલને બોલાવે. જેમાં ને તેમાં વકીલને બોલાવે. અને વકીલ આવે એટલે બધું રાગે પાડી દે ! વકીલોથી જ આ બધું જગત ઊભું રહ્યું છે. મહીં અંદર શરીરમાં જજેય છે, આરોપી છે ને વકીલેય છે.

**પ્રશ્નકર્તા :** જજ અને આરોપી બે જ રહે તો સીધું ચાલે.

**દાદાશ્રી :** હા, સરસ ચાલે. આરોપી ને જજ બે હોય તો. જજ જજનું કામ કર્યા કરે, આરોપી આરોપીનું કામ કરે. આરોપી કહે, સાહેબ, મારી કંઈ ભૂલ થઈ હોય તો... ત્યારે કહે, હા, તમારી ભૂલ છે. એટલે એ ગયો. પેલો વકીલાત કરી કે ચાલ્યું (વખોડ્યું.) બધે ઘેર વકીલાત હોય. કો'ક ઘેર કેટલાક માણસો એવા ઊંચા વિચારના હશે કે જ્યાં વકીલાત ન થવા દે. બાકી બધે વકીલાત ખરી. કહેશે, બધા કરે છે, એમાં શું બગડી ગયું ?

**પ્રશ્નકર્તા :** વકીલને કાઢી નાખવો એટલે બચાવ નહીં કરવો એ અર્થમાં કહ્યું ?

**દાદાશ્રી :** ના, બચાવ કરવાનો કે બચાવ નહીં કરવાનો, એવું નહીં. વકીલાત કરીએ છીએ, એ ન હોવું જોઈએ. આપણને તો મહીંથી જવાબ મળે કે ખોટું થઈ રહ્યું છે એટલે આપણે બંધ કરી દેવું જોઈએ. ત્યારે મહીં વકીલ શું બોલે ? બધાય કરે છે ને, એમાં શું ખોટું છે ? વકીલ બધું સમજાવે. અત્યારે વકીલ તો બહુ જબરા હોય ને અને એલ.એલ.બી. થયેલા પછી શું વાત થાય ?

## આધાર આપવાથી ઊભા દોષ

આ જગતનાં લોકોએ પોતાના દોષ જોયા નથી, એટલે જ એ દોષો રહે છે, મુકામ કરે છે નિરાંતે ! આમ તો એ કહેશે કે મારે દોષ કાઢવા છે, પણ ત્યારે દોષો એક બાજુ પાયા ચણાવીને મહીં રહેવાનું મકાન કરતા હોય. પાયા સિમેન્ટ નાખીને કરતાં હોય. એ દોષો જાણે કે આ મૂઓ કશું કરવાનો નથી. મોઢે બોલે છે એટલું જ, શી રીતે દોષ કાઢવાનો ?

જે એક દોષ કાઢી શકે, તે ભગવાન થાય ! એક જ દોષ ! એક દોષનું નિવારણ કરે એ ભગવાન થાય. આ તો દોષનું નિવારણ થાય છે પણ બીજો દોષ પાડીને ! બીજાની હયાતી લાવીને પેલાનું નિવારણ કરે. બાકી પોતાની એક ભૂલ ભાંગે તો ભગવાન થાય.

**પ્રશ્નકર્તા :** બીજો દોષ પાડે નહીં, એ કેવી રીતે બને ?

**દાદાશ્રી :** આ તો બધી ભૂલો જ છે, પણ એક ભૂલ ભાંગે તે ક્યારે ? સમકિત થયા પછી ભાંગે, નહીં તો ભાંગે નહીં, ત્યાં સુધી એક ભૂલ ભાંગે નહીં. ત્યાં સુધી તો પહેલા ખોદે ને પછી પાછો પૂરે. ખોદે ને પૂરે, ખોદે ને પૂરે. કશી ક્રિયા એની કામ લાગે નહીં. બધી ક્રિયા નિષ્ફળ જાય છે !

આ ભૂલો જાયને તો પોતાનું ભગવાનપદ પ્રાપ્ત થાય એવું છે. આ ભૂલોને લઈને જીવપદ છે અને ભૂલો જાય તો શિવપદ પ્રાપ્ત થાય.

'સ્વરૂપના જ્ઞાન' વગર તો ભૂલ દેખાય નહીં. કારણ કે 'હું જ ચંદુભાઈ* ને મારામાં તો કશો વાંધો નથી, હું તો ડાહ્યોડમરો છું' એમ રહે અને 'સ્વરૂપના જ્ઞાન'ની પ્રાપ્તિ પછી તમે નિષ્પક્ષપાતી થયા, મન-વચન-કાયા પર તમને પક્ષપાત ના રહ્યો. તેથી પોતાની ભૂલો તમને પોતાને દેખાય.

### દોષો ક્યારે દેખાય ?

જ્ઞાની પુરુષના દેખાડ્યા સિવાય મનુષ્યને પોતાની ભૂલનો ખ્યાલ ન આવે. આવી અનંતી ભૂલો છે. આ એક જ ભૂલ નથી. અનંતી ભૂલો ફરી વળી છે.

**પ્રશ્નકર્તા :** પણ વધારે દોષ દેખાતા નથી, થોડાક જ દેખાય છે.

**દાદાશ્રી :** અહીં સત્સંગમાં બેસવાથી આવરણો તૂટતાં જાય તેમ દોષો દેખાતા જાય.

**પ્રશ્નકર્તા :** દોષો વધારે દેખાય એ માટે જાગૃતિ શી રીતે આવે ?

**દાદાશ્રી :** મહીં જાગૃતિ તો બહુ છે પણ દોષોને ખોળવાની ભાવના થઈ નથી. પોલીસવાળાને ચોર જોવાની ઈચ્છા થાય ત્યારે ચોર જડી જાય. પણ આ જો પોલીસવાળો કહે કે 'કંઈ ચોર પકડવા જેવું નથી. એ તો આવશે તો પકડીશું.' એટલે પછી ચોર મજા કરે જ ને ! આ ભૂલો તો સંતાઈને બેઠી છે. તેને શોધો તો તરત જ પકડાઈ જાય.

બધી જ કમાણીનું ફળ શું ? તમારા દોષો એક પછી એક તમને દેખાય તો જ કમાણી કરી કહેવાય. આ બધો જ સત્સંગ પોતે પોતાના બધા જ દોષો જુએ એ માટે છે અને પોતાના દોષ દેખાય ત્યારે જ એ દોષો જશે. દોષો ક્યારે દેખાશે ? જ્યારે પોતે સ્વયં થશે, 'સ્વસ્વરૂપ' થશે ત્યારે. જેને પોતાના દોષ વધુ દેખાય એ ઊંચો. જ્યારે આ દેહને માટે, વાણીને માટે, વર્તનને માટે સંપૂર્ણ નિષ્પક્ષપાતીપણું ઉત્પન્ન થાય, ત્યારે જ પોતે પોતાના બધા જ દોષો જોઈ શકે.

### ભૂલનો સ્વભાવ કેવો ?

આપણે આપણી ભૂલથી બંધાયા છીએ. ભૂલ ભાંગે તો તો પરમાત્મા જ છીએ ! જેની એક પણ ભૂલ નથી એ પોતે જ પરમાત્મા છે. આ ભૂલ શું કહે છે ? તું મને જાણ, મને ઓળખ. આ તો એવું છે કે ભૂલને પોતાનો સારો ગુણ માનતા હતા. ભૂલનો સ્વભાવ કેવો છે કે તે આપણી ઉપર અમલ કરે. પણ ભૂલને ભૂલ જાણી તો તે ભાગે. પછી ઊભી ના રહે, ચાલવા માંડે. પણ આ તો શું કરે કે એક તો ભૂલને ભૂલ જાણે નહીં ને પાછો એનું ઉપરાણું લે. તેથી ભૂલને ઘરમાં જ જમાડે.

### ભૂલોને પોતાનો ગુણ માની પોષી

કેટલાક તો ભૂલને જાણે છતાં પોતાના અહંકારને લઈને તેને ભૂલ ના કહે. ભૂલને ઓળખતો થયો એટલે ભૂલ ભાંગે. કેટલાંક કાપડ ખેંચી ખેંચીને આપે છે અને ઉપરથી કહે છે કે આજે તો પા વાર કપડું ઓછું આપ્યું. આ તો આવડું મોટું રૌદ્રધ્યાન અને પાછું એનું ઉપરાણું ? ભૂલનું ઉપરાણું લેવાનું ના હોય. ઘીવાળો ઘીમાં કોઈને ખબર ના પડે એ રીતે ભેળસેળ કરીને પાંચસો રૂપિયા કમાય. એ તો મૂળ સાથે વૃક્ષ રોપી દે છે. અનંત અવતાર પોતે જ પોતાના બગાડી દે છે. આ કેવું છે ? એક જ ભૂલ અનંત અવતાર બગાડી નાખે. એ તો પોષાય જ નહીં !

કોઈ 'ગજવું' કાપે ને પોતે તેનું ઉપરાણું લે કે, 'એ શું ખોટું કરે છે ? એને ખાવાનું નથી મળતું, તેથી ગજવું કાપે ને !' હવે પોતે ખિસ્સું ના કાપતો હોય પણ આમ ઉપરાણું લે, એ બીજે અવતારે ગજવું કાપનાર થાય ! બિચારાની અંધારામાં ભૂલ થઈ છે ને દંડ અજવાળામાં મળે છે !

જગત આખાને ચોરી કરે એટલે ફરી ચોરીના બીજ પડે. અને લાંચ લેતો હોય ને, તે મનમાં ખૂંચ્યા કરતું હોય કે આ ન થવું જોઈએ, ન થવું જોઈએ. એવું ખૂંચ્યા કરતું હોય ખરું. પણ પાછો કો'ક, ઘરના માણસ

* ચંદુભાઈની જગ્યાએ વાચકે પોતાનું નામ સમજવું.

પૂછે કે, ભઈ આ લાંચ શું કરવા લો છો ? ત્યારે કહેશે, 'તારામાં અક્કલ નથી, બેસ. શી રીતે આ બે છોડીઓ પૈણાવીશું ?' એટલે પોતે એનું શું કર્યું ? એને એનકરેજ કર્યું. એટલે આવતો ભવ તો સજ્જડ.

## ભૂલ ભાંગવાની કૂંચી

**પ્રશ્નકર્તા :** અત્યારે ભૂલ થાય છે એ ગયા અવતારની ખરીને ?

**દાદાશ્રી :** ગયા અવતારના પાપને લઈને જ આ ભૂલો છે. પણ આ અવતારમાં ફરી ભૂલ ભાંગે જ નહીં ને વધારતા જાય. ભૂલને ભાંગવા માટે ભૂલને ભૂલ કહેવી પડે. તેનું ઉપરાણું ના લેવાય. આ જ્ઞાની પુરુષોની કૂંચી કહેવાય. તેનાથી ગમે તેવાં તાળાં ઊઘડી જાય.

કોઈ અમને અમારી ભૂલ બતાવે તો અમે તરત જ એક્સેપ્ટ કરી લઈએ. કોઈ કહે કે આ તમારી ભૂલ છે તો અમે કહીએ કે, 'હા ભાઈ, આ તેં અમને ભૂલ બતાડી તો તારો ઉપકાર.' આપણે તો જાણીએ કે જે ભૂલ આપણને દેખાતી નહોતી, એ ભૂલ એણે બતાવી આપી માટે એનો ઉપકાર. જો રોજ પચ્ચીસ જેટલી ભૂલો સમજાય તો તો અજાયબ શક્તિ ઉત્પન્ન થાય. આ ભૂલ શું તે સમજાય એ માટે આપણે કહ્યું છે ને, કે 'ભોગવે એની જ ભૂલ.' ભોગવ્યું તો ભૂલ તારી. આ તારું ખિસ્સું કપાય ને તું બીજાને ગાળો આપે તેથી ભૂલને એક્સ્ટેન્શન મળે. ભૂલ જાણે કે આ તો મને જમાડવાની જ વાત કરે છે. પછી તે જાય નહીં.

## કરે રક્ષણ 'હું સાચો છું' કહી

જે નામનું રક્ષણ કરે છે એ અનામીનો અક્ષરેય સમજ્યો નથી. મૂઆ, સેન્ટ સમજ્યો હોત તોય જાણે કે ઠીક છે. અક્ષરેય સમજ્યો નથી. નામનું રક્ષણ કરે ખરા, બાપજી ?

**પ્રશ્નકર્તા :** હા, નામનું જ રક્ષણ કરે.

**દાદાશ્રી :** તમે નામનું રક્ષણ કરો તો અમે સમજી જઈએ કે આ રક્ષણ કરે છે. પણ, ઘડીવાર પછી કહેશે કે 'ના, એ ખોટું હતું.' પણ બાપજી 'ખોટું છે' એવું ના કહે એ શાથી ? (કારણ કે) હું સાચો જ છું.

**પ્રશ્નકર્તા :** પણ, 'ખોટું છે' એવું કહે તો એમની વિશેષતા ઊડી જાયને ?

**દાદાશ્રી :** કહે નહીંને, બોલે જ નહીંને ! આ દુનિયામાં 'હું ખોટો છું' એવું કોણ બોલે ? જે તદ્દન સાચો હોય તે જ બોલે. બાકી તો બધું અંડરગ્રાઉન્ડ, ઢાંકેલું જ રાખે. આપણે પૂછીએ કે સાહેબ, કોઈ દહાડો મનથીય ચોરેલું ? ત્યારે કહે, ના, બા, એવું કશું નહીં. અને અમે કહી દઈએ કે આ અમે બેઠેલા છીએને, તે બાંકડો ચોરીને લાવેલા. ત્યારે, શા હારુ અમે કહીએ ? ત્યારે તમને હિંમત આવે કે ભાઈ, તમે બીજા લોકોને કહો કે 'મેં આ ચોરેલું છે.' એમ ખુલ્લું કરતા ફાવેને ! હૃદય ખુલ્લું થઈ જાય, હલકું થઈ જાય. કોઈ કબૂલે જ નહીંને ! શાથી કબૂલતા નહીં હોય ? આ જરા મુઠ્ઠીમાં હશે તે ખુલ્લી થઈ જાય, બહાર પડી જાય. ત્યારે છે જ ક્યાં તે ? દેખાડે તો ખરો. આ મુઠ્ઠીમાં શું છે તે ? ઉઘાડી થઈ જાય કહે, શું મુઠ્ઠીમાં ? મોટા આવ્યા !

**પ્રશ્નકર્તા :** દાદા, તમે કહો છો કે મુઠ્ઠીમાં કશું નથી પણ લોકો તો એમ જ માને છે કે આમાં જ છે બધું.

**દાદાશ્રી :** બીજો કોઈ બાપોય માનતો નથી. મનમાં માની રાખ્યું એટલું જ. કોઈ પૂછે ? ખોટું પોલંપોલ ચાલતું હશે ? તેથી અમે કહીએ કે આ બાંકડો ચોરીને લાવ્યા છીએ. શા હારુ ? તમને હિંમત આવે એટલા હારું. એ કહે કે દાદા બોલે તો આપણે આવું બોલો. એમ કરતા કરતા રાગે પડી જાય બધું. પોતાના દોષ બોલવામાં, કહેવામાં વાંધો શું ? ઓપન ટુ સ્કાય કરી નાખો. ઓપન ટુ સ્કાય કરી નાખોને ! વાંધો શો છે ? ઝટ વેચાઈ જાય ને, માલ આપણે ? વેચી દેવો છે તે હવે એને પાછા સ્ટૉકમાં દબાય દબાય

કરીએ. એ દબાવવાનું તે ક્યાં સુધી દબાવવાનું ? ઑન ઑક્શન, ઑન ઑક્શન કરીએ ત્યારે તે શું થાય ? કંઇ સુધી રાખી મેલવું આપણે ? એક ફેરો વેચી દીધું એટલે નિવેડો આવ્યો. વેચવો ના જોઇએ ?

**પ્રશ્નકર્તા :** વેચવો જોઈએ.

**દાદાશ્રી :** જ્યારે ત્યારે તો કાઢી નાખવો જ પડશેને, આ માલ દુકાનમાંથી, દુકાન ખાલી કરવા માંડી એટલે !

એટલે ઊંચું મેલી દેવાનું. હવે આપણા હાથમાં લગામ આવી ગઇ. પતંગનો દોરો આપણા હાથમાં આવી ગયો. એટલે હવે વાંધો નહીં. તમારે જે લેવું હોય તે લઇ જાવ, કહીએ હવે. દોરો આપણા હાથમાં આવી ગયો. ગુલાંટ ખાશે તો ખેંચીશું, તરત રાગે પડી જાય અને દોરો ન્હોતો ત્યાં સુધી ગુલાંટ ખાય તો ? બૂમાબૂમ કરીએ કશું વળે ?

## ભૂલ ભાંગવાનું મશીન

તમારો મામાનો દીકરો હોય ને એ માર્ગમાંથી પાછા ન ફરતા હોય ને તમે શીખવાડવા જાવ, તોય ના હટે. આ વાત કરતી વખતે બધી ભૂલો કબૂલ કરે. પણ એની પાસે એક મશીન એવું હોય કે ભૂલો કરે પણ એને ભાંગવાનું મશીન હોય, તો માણસ ચોખ્ખો થાય. એ ભૂલો એણે જે કબૂલ કરી હોય ને, પણ એ ભૂલો ભાંગવાનું મશીન એની પાસે ના હોય. આપણે દેખાડીએ, એને સમજણ પાડે તો એ કહે કે આવી ભૂલ થઈ, આ ભૂલ થાય છે, આ ભૂલ થાય છે. પણ આપણે અહીં પાછા આવ્યા તો પછી એને ભૂલો ભાંગતાય ના આવડે. તો શું થાય ? ભૂલો ખલાસ થાય નહીં.

**પ્રશ્નકર્તા :** પણ એવું જ બને છે સામાન્ય રીતે.

**દાદાશ્રી :** એવું નહીં ! બધું રૂઝાય જાય એવી દાનત ખોળે. એવું જ ચાલે છે !

**પ્રશ્નકર્તા :** એટલે એનો અર્થ એવો કહી શકાય કે પ્રકૃતિ પોતાને એને બચાવ આપે, આધાર આપે.

**દાદાશ્રી :** એ સ્વભાવ છે એ તો. અગર આપણે જો કદિ (જાગૃત) ના રહીએ તો પછી પ્રકૃતિ તો એની મેળે એ બચાવ જ કરી નાખે.

## પ્રકૃતિના ઉપરાણાનું પરિણામ

પ્રકૃતિ ખરાબ હોય, એનો બચાવ કર્યો તો એ પક્ષમાં ગયો. ઉપરાણું લે તો પ્રકૃતિ વધી જાય. પ્રકૃતિ ફાવતી જ આવી જાયને, એને રાગ થયો કહેવાય. ઉપરાણું લેવું એટલે પ્રકૃતિ ઉપર રાગ. બચાવ કરવો તેય રાગ થયો. ઉપરાણું લેવાયને, એ તો ભયંકર ગુનો છે. એ છાવરેને તોય ઉપરાણું, એય ગુનો. તમે કહો કે દાદા, આ ખોટું છે. એટલે મારે કહી દેવું જોઈએ કે ભઈ, ખોટું છે. હું બચાવ કરવા માટે બીજા શબ્દો વાપરું, વકીલાત કરું તે ગુનો છે.

**પ્રશ્નકર્તા :** તો પ્રકૃતિનું પોષણ કરવું નહીં, રક્ષણ કરવું નહીં ?

**દાદાશ્રી :** હા, રક્ષણ કરવું નહીં એટલે શું કે આત્મા થયા અને પછી પ્રકૃતિનું ઉપરાણું લઈએ તે ખોટું કહેવાય ને ! વધારાનું ઉપરાણું લે એટલે પછી તો એ પક્ષના જ થઈ ગયા. આ પ્રકૃતિનો બચાવ કરીને, આ ઉપરાણું લઈને જ આ મુશ્કેલી ઊભી થઈ છે.

**પ્રશ્નકર્તા :** દાદા, ભૂલનું ઉપરાણું કેવી રીતે લેવાય છે ?

**દાદાશ્રી :** આ આપણે કોઈને ટૈડકાવ્યા પછી કહીએ કે, 'આપણે એને ટૈડકાવ્યા ના હોત તો એ સમજત જ નહીં. માટે એને ટૈડકાવવો જ જોઈએ.' આનાથી તો એ 'ભૂલ' જાણે કે આ ભાઈને મારી હજી ખબર નથી અને પાછો મારું ઉપરાણું લે છે. માટે અહીં જ ખાઓ, પીઓ ને રહો. એક જ વખત જો આપણી ભૂલનું ઉપરાણું લેવાય તો એ ભૂલનું વીસ વર્ષનું આયુષ્ય લંબાય. કોઈ ભૂલનું ઉપરાણું ના લેવાય.

## પોતાની નબળાઈ જાહેર કરે તો

કોઈ સાહેબ છીંકણી સૂંઘતા હોય, એને આપણે

પૂછીએ કે સાહેબ, આ છીંકણું શું કરવા ઘાલી દીધું છે ?' તો કહે, 'એનો કંઈ વાંધો નહીં. કંઈ ખાસ વાંધો નહીં.' એટલે હું ત્યાં બેઠો હતો, તે મેં કહ્યું કે 'ઓહો ! આ તમે તો (વીસ) વર્ષનું એક્સ્ટેન્શન આપ્યું. આ તમારી છીંકણી તો બહુ પુણ્યશાળી !' એને ખબર નથી કે આ હું એક્સ્ટેન્શન કરું છું કે કોનો બચાવ કરું છું આ !

એટલે એ મહીં આવી ફસ્યો. તું પીને, પીવા માટે વાંધો નથી પણ તું કહી દે જેમ છે એમ કે 'આ પીવા જેવી ચીજ નથી. મારે પીવાની ઈચ્છાય નથી. છતાં પીવાય છે આ.' અને હજાર માણસની વચ્ચે, પબ્લિકમાં તારી આબરૂ લેતો હોય તોય કહી દે કે ભઈ, આ મારી નબળાઈ છે. જે પોતાની નબળાઈ જાહેર કરે છે, તે મૂળ જગ્યાએ પહોંચે છે. ખાનગીમાં તો સહુ કોઈ નબળાઈ જાહેર કરે.

**પ્રશ્નકર્તા :** એ છીંકણી સૂંઘતો હોય ને બીડી છોડવાની વાત કરતો હોય.

**દાદાશ્રી :** છીંકણીનો વાંધો નહીં, કહે છે. આપણે સમજી ગયા કે જે વાંધા ભગવાનને હતા, તે વાંધાય આને નથી. એટલે ભગવાનથી જુદી જાતનો જનાવર છે. છીંકણીનો વાંધો નહીં, કહે છે. અને એને એ ખબરેય નથી કે એ છીંકણી સાંભળે તો શું થાય ? પરમેનન્ટ થઈ ગઈ. આવું એક વાર શેરો મારી દીધો, છીંકણીનો વાંધો નહીં એટલે પરમેનન્ટ થઈ ગઈ. અને પછી કાઢવા ફરે, કેમ મારી છીંકણી છૂટે ? શી રીતે છૂટે મૂઆ ? તે સહી કરી આપી. પરમેનન્ટ ?

## ભૂલના આયુષ્ય વધે, ઉપરાણું લેતા

ઉપરાણું લઉં તો એક્સ્ટેન્શન મળે, એ હું જાણું એટલે હું એક ક્ષણવાર ઉપરાણું ના લઉં. કોઈ આડુંઅવળું પૂછે તોય ઉપરાણું નહીં લેવાનું. તમે શેનું ઉપરાણું લો છો ?

**પ્રશ્નકર્તા :** ઉપરાણું નથી લેતા, પણ ચા પીએ છે.

**દાદાશ્રી :** એ ચાનો મને વાંધો નથી. ચા પીઓને. ભલે દસ કપ પીઓ, ચાનો વાંધો નથી, પણ ઉપરાણું ના લો.

**પ્રશ્નકર્તા :** ઉપરાણું ન લે તો, પણ પીવાય છે.

**દાદાશ્રી :** કાંઇ વાંધો નહીં, હંઅ. કાંઇ વાંધો નહીં. અને અમારે તો આ ડિસ્ચાર્જ એવું ના બોલાય. અમારે આ ડિસ્ચાર્જ, તે પેલાને (જ્ઞાન નથી લીધું તેને) ચાર્જ.

## ખોટાને ખોટું જાણો ને ઉપરાણું ના લો

**પ્રશ્નકર્તા :** દાદા, મને સિગરેટ પીવાની ખરાબ ટેવ પડી ગઈ છે.

**દાદાશ્રી :** તે એને 'તું' એવું રાખજે કે આ ખોટી છે, ખરાબ વસ્તુ છે. અને કો'ક કહે કે સિગરેટ કેમ પીવો છો ? તો એનું ઉપરાણું ના લઈશ. 'ખરાબ છે' એમ કહેવું. 'ભઈ, મારી નબળાઈ છે' એમ કહેવું તો કો'ક દહાડો છૂટશે, નહીં તો નહીં છોડે એ. છોડવાનો પ્રયત્ન કરું છું ?

**પ્રશ્નકર્તા :** કરું છું પણ નથી છૂટતી.

**દાદાશ્રી :** ના, પણ એવા પ્રયત્ન નહીં કરવાના. આપણે તો એનું ઉપરાણું નહીં લેવાનું. કોઈ કહે, 'સિગરેટ છોડી દેને.' ત્યારે કહું કે, 'ભઈ, ના. અમને છોડવાની જરૂર નથી.' એવું તેવું તું ઉપરાણું ગમે તે લઈ લઉં. અપમાન થાય ત્યાં ઓગળે એવું હતું, ત્યારે તું એમ કહું કે ના, સિગરેટ પીવી જોઈએ. તો શું થાય ? એ જાય નહીં. અને આને હંમેશાં એ વસ્તુ ખોટી છે, એવું માન્યા કરજે. એટલે એક દહાડો છૂટી જશે.

## સમજણથી આવે નિવેડો

વાત સમજ્યા પછી ઊડી જવું જ જોઈએ. એમાં ખોટું છે એવું જાણ્યું જ શેનું નામ કહેવાય ? છતાં પીવાય જાય છે પણ ખ્યાલમાં રહેવું જોઈએ કે આ ખોટું જ છે. બીડી છોડવી હોય તો શી રીતે છોડાય ?

**પ્રશ્નકર્તા :** ખોટી જાણીએ ત્યારથી.

**દાદાશ્રી :** ખોટી છે એ ભૂલાય નહીં અને ઉપરાણું ના લેવું. ઉપરાણું લે છે લોકો ?

**પ્રશ્નકર્તા :** લેને, લે.

**દાદાશ્રી :** ક્યારે ? જ્યાં એની કિંમત વધારે હોયને ત્યાં. આપણે કહીએ કે આ બીડીઓ પીવો છો ? (ધારો કે) હજાર માણસ ઉપદેશ સાંભળતા હોય ને હું બોલતો હોઉં તો મને કોઇ કહે, તમે બીડો પીવો છો તે આ સારું દેખાય ? તરત પછી બીડીનું રક્ષણ કરું કે બીડીનો વાંધો નહીં. એટલે બીડી મહીં, એ ટેવ મહીં સમજી જાય. એ કાચો માણસ એની પાસે આવે, એક્સ્ટેન્શન લો વીસ વર્ષનું. એટલે એમ મુદત તો હોય જ, મુદત લઇને જ આવેલો, એ વીસ વર્ષનું એક્સ્ટેન્શન વધ્યું.

**પ્રશ્નકર્તા :** મુદત વધી ગઇ એની એમ ?

**દાદાશ્રી :** કારણ કે હું બોલ્યો એટલે. જો ખોટું છે એને માટે ત્યાં શું કહેવું જોઇએ ? હજાર માણસની રૂબરૂ, કે ભાઇ, એ તો મારામાં નિર્બળતા છે. એ મારે કાઢવાની જ છે. એ સાચી વાત છે. એક્સેપ્ટ કર્યું એટલે એ ઊડી જાય એના ટાઇમે. એનો ટાઇમ મુદતમય હોય. એ ટાઇમે ઊડે, કંઇ ઓછું ના થાય. હું શું કહેવા માંગું છું એ સમજાયું તમને ?

**પ્રશ્નકર્તા :** હા, ભૂલનું ઉપરાણું ના લેવું જોઇએ. એનું ઉપરાણું ના લેવું જોઇએ.

**દાદાશ્રી :** ઉપરાણું ના લો તો એના ટાઇમેજ ઉડીને ઊભું રહે. પછી ખરી જ પડે, એનો ટાઇમ થાય એટલે.

## વ્યસનથી આમ થવાય મુક્ત

'મને ગમે છે' એમ કરીને સિગરેટ જોડે પૈણ્યા. 'નથી ગમતી' કરીને છૂટી જશો. પાંચ-દસ દહાડામાં થઈને લાખેક વખત બોલી જવું જોઈએ. દહાડામાં એક કલાક કે સાંજે એક કલાક એમ બે કલાક થઈને પણ નિરાંતે બેસીને કરવું જોઈએ. આમ સિગરેટ સામે મૂકીને કે મારે હવે આ સિગરેટ નથી પીવી. મારે પીવી નથી આ, મારે પીવી નથી...

**પ્રશ્નકર્તા :** દાદાજી, એવી રીતે કોઈ પણ વ્યસન લાખવાર બોલવાથી છૂટી જાય, સામે મૂકીને કર્યું હોય તો ?

**દાદાશ્રી :** બધુંય છૂટી જાય એવી રીતે કરે તો.

પોણો લાખ વખત તમે બોલ્યા હોય, હવે પછી છૂટવાની તૈયારી પચ્ચીસ હજાર બોલે તો ! ત્યારે હોરા કો'ક કહેશે કે આ સિગરેટ તો છૂટતી નથી. શાના ભગત થયા છે દાદાના તે ? ત્યારે કહે, સિગરેટનો કશો વાંધો નહીં. 'વાંધો નહીં' કહેતાંની સાથે એ બધું સજીવન થઈ ગયું.

**પ્રશ્નકર્તા :** ના, પણ અમે એવું નહીં કહીએ. એમ કહીશું કે અમે છોડવાની તૈયારીમાં જ છીએ, તો ?

**દાદાશ્રી :** હા, એ તો 'અમારી નબળાઈ જ છે અને એ મારી ન્હોય', કહીએ. 'એ અમારી (ફાઈલ નં. ૧ની) નબળાઈ, પણ મારી ન્હોય એ.' એકધારું બોલવું પડે. બેધારા બોલીએ તો ના ચાલે. ત્યાં એનું રક્ષણ કરીએ તોય ચાલે નહીં. આપણી આબરૂ સાચવવા માટે એનું રક્ષણ થાય.

## ન કરો રક્ષણ નિર્બળતાનું

**પ્રશ્નકર્તા :** કોઈ વસ્તુને 'આ તો નિકાલી છે' એમ કરીને પણ આપણે એને પોષણ આપીએ છીએને ?

**દાદાશ્રી :** પોષણ આપ્યું. પેલું તો આપણે કહીએ કે ભઈ, આ નબળાઈ છે મારી. તો પેલું રક્ષણ નહીં આપવાથી જીવતું ના થાય.

પોતાની નિર્બળતાનું રક્ષણ નહીં કરતાં, તેને

ફક્ત જાણો કે મારી આ નબળાઈ છે. એટલે તે નિર્બળતા ક્ષીણ થાય. તેથી વિરુદ્ધ તે જ નિર્બળતાનો ગુણાકાર થાય.

## ઉપરાણું ના લે તો આવે અંત

લોકો ઉપરાણું લે છે. દરેક વસ્તુ, ક્રોધનું ઉપરાણું ના લે, કશાનું ઉપરાણું ના લે તો એન્ડ આવે. ઉપરાણું લે ખરાં કે નહીં ? હા, ઉપરાણું લે તો એનું આયુષ્ય વધે. ગુરુ શિષ્ય ઉપર ગુસ્સે થયો હોય, ને ખૂબ ગુસ્સે થઈ ગયો હોય અને પછી પોતાને ગુરુનેય એમ સમજાય કે 'સાલું આ તો વધારે પડતું થઈ ગયું આજે.' કોઈ પાડોશી આવીને કહે, અરે ગુરુદેવ, આ શિષ્ય જોડે આટલું બધું હોતું હશે?' 'ક્રોધ કરવા જેવો છે' કહે છે. લે જુઓ... તું પોતે જાણું છું કે 'આ વધારે પડતું થયું' તોય પાછો તું આવું બોલું છું ? એટલે એ ક્રોધનું ઉપરાણું લે. પછી ક્રોધ વધતો જાય.

આવી રીતે જ ભરાયું છે ને ક્રોધ-માન-માયા-લોભ ભરાઈ રહ્યા છે, તે ખોરાક આવી રીતે જ આપે છે ને ? તમે જાણતા નથી, છે જ એવો, કરવા જેવો છે એવું બોલે. એટલે મહારાજ જમાડે તે ઘડીએ દાળ-ભાત, વેઢમી, શાક-બાક બધુંયે ક્રોધને (જમાડે).

તને ના ભાવતું હોય તો લે ચટણી કરી આપું, કહેશે. પછી એ જતા હશે કંઈ ? અને પાછું રોજ કહે, મારે કાઢવા છે. તે પેલાય ચાર ભેગા બેસીને કહે, આ મૂર્ખાજ છે ને ! કોને કાઢવાનું છે અને કોને જમાડે છે, ખબર જ નથીને !

હવે સાધુઓ આવું જમાડે કે ના જમાડે ભૂલેચૂકે ? કે ના જમાડે ? તમને એવું લાગે છે ને ? તે મોટા મોટા આચાર્યો હઉ જમાડી દે. મોટા આચાર્યો મોટી થાળી જમાડી દે. કારણ કે એનો અહમ્ વધારે હોય ને, તે તમને કહેશે કે તમારામાં અક્કલ નથી. તમે ના સમજો. એ તો ચક્કર છે માણસ. એવું જ કરવા જેવું છે.

## જમાડે રાજીખુશીથી

જુઓ, સાધુઓ રોજ જમાડે છે, મોટો કરે છે અને પછી કહેશે, મારે એને કાઢવો છે. આમ આવું વિરોધાભાસ ચાલે છે. એ તમને સમજાય છે આ સાયન્સ ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** શી રીતે સમજાયું તે મને કહો. શી રીતે જમાડતા હશે ?

**પ્રશ્નકર્તા :** એને પોષીને.

**દાદાશ્રી :** ના પણ, એ તો કાઢવા ફરે છે.

**પ્રશ્નકર્તા :** ત્યાં આગળ એની અણસમજણ છે. હજુ સમજણ દશા નથી આવતી.

**દાદાશ્રી :** મહારાજને નિરંતર યાદ રહ્યા કરે છે કે હવે આ ક્રોધને કાઢવો છે જે તે રસ્તે. ત્યારે ક્રોધેય છે તે એ કાઢવાનો વિચાર કરે છે ને, તે પહેલા પોતે જાગ્રત થઈ ગયેલો હોય છે. એ કહે છે કે તું મને કાઢું છું ? હું તને કાઢું છું, તું જોયા કરને બા. હવે ક્રોધને ખોરાક આપે, જમાડીએ તો પછી એ તો કાયમ મોટા જ થાયને દહાડે દહાડે ! રાજીખુશી થઈને જમાડે. એવું બનતું હશે ખરું ?

**પ્રશ્નકર્તા :** રાજીખુશીથી એ શબ્દ નહીં સમજાયો.

**દાદાશ્રી :** હા, રાજીખુશીથી જમાડે છે. રાજીખુશીથી એટલે પોતે એમ માને કે આમને કોઈ દહાડોય જમાડવા નથી જ પણ એમની અજ્ઞાનતામાં એ જમી જાય છે. તમે જાણો નહીં, એ કરવા જેવો જ છે, કહેશે. તે ઘડીએ ક્રોધ જાણે કે વકીલ તો આપણો જ છે આ. છેવટે આ ઘનચક્કર સમજતો નથી, પણ વકીલ આપણી જ વકીલાત કરનારો છે.

પેલો ક્રોધ જાણે કે આપણો સરસમાં સરસ વકીલ, આવો વકીલ નહીં મળે ! મને કાઢવો છે

છતાંય પણ જો વકીલાત કરતી વખતે મારી જ વકીલાત કરે છે. આને પ્રતિવાદીના વકીલ કહેવાય છે. પ્રતિવાદીના વકીલ વાદીના તરફે બોલે.

પ્રતિવાદીનો વકીલ વાદીના તરફે બોલે ત્યારે કોર્ટ બધી હસેને પછી ? કોર્ટમાં તો જજેય સમજી જાયને ! તે આ કઈ જાતની રમત આ ?

હવે આ ઝીણી વાત લોકોને શી રીતે સમજાય ? જે ક્રોધને કાઢવાનો છે તેને જમાડે છે પાછો.

આ ક્રોધ-માન-માયા-લોભને રોજ આ સાધુઓ-આચાર્યો તો જમાડે પણ, પબ્લિકેય રોજ જમાડે છે. જમાડ્યા સિવાય કાઢે નહીં. કારણ કે ખાનદાન પ્રજાને ! ક્રોધનેય કહેશે, કે 'તું જમી લે, બા. પછી બધી વાત.'

## ઈન્ટરેસ્ટ કે અજ્ઞાનતા ?

**પ્રશ્નકર્તા :** આ જમાડે છે તે પોતાને ઈન્ટરેસ્ટ પડે છે કે અજ્ઞાનતા છે ?

**દાદાશ્રી :** બળ્યું, ઈન્ટરેસ્ટ પડે છે. અજ્ઞાનતા વળી રહી જ ક્યાં આગળ ? ઈન્ટરેસ્ટ પડે છે.

**પ્રશ્નકર્તા :** તો પોતે કાઢવા તૈયાર થયો એ કયા આધારે ?

**દાદાશ્રી :** ઈન્ટરેસ્ટ પડે છે ને તેને લીધે એ અજ્ઞાનતા થોડી રહે. આનું શું પરિણામ આવશે એ ખબર નથી.

**પ્રશ્નકર્તા :** એક બાજુ પોતે કાઢવા ફરે છે ને બીજી બાજુ ઈન્ટરેસ્ટ છે, તો એ કઈ રીતનું ?

**દાદાશ્રી :** એને ખબર નથી તેથી. આખા જગતને, બધાને તો ઘણુંય કાઢવું છે. છતાં પોતે ઈન્ટરેસ્ટ રાખે છે, આખું જગત, બાવો-બાવલી, સાધુ-સાધ્વી બધાય, વધતા-ઓછા પ્રમાણમાં. આપણા મહાત્મા હઉ. એમને તમારા કરતા જરા વધારે હશે એટલું જ. બાકી એ જ ક્રિયામાં પડ્યા છે બધાય. અમે એકલા જ છે તે કહી દઈએ કે ના. અમે કોઈ દહાડો પ્રોટેક્શન ના આપીએ. જમાડ્યા જ નહીં. જમાડ્યા નહીં, તે બધાય જતા રહ્યાને, ગાદી-બાદી છોડીને.

## બંધ કરો કષાયનું પોષણ

આપણા લોકો તો શું કરે છે ? છોકરાને ખૂબ ટૈડકાવે. અને ખૂબ ગુસ્સે થઈ ગયા હોય, જરા મોટી ઉંમરનો છોકરો હોય તેની પર. અને પછી મનમાં એમ થાય કે 'સાલુ, વધારે પડતું બોલાયું છે.' એવું પોતે પાછા સમજે, પોતાના થર્મોમીટરથી. પણ પાછો કોઈ પાડોશી આવીને કહે, 'ચંદુભાઈ, આટલું બધું થતું હશે ?' ત્યારે ચંદુભાઈ શું કહે ? 'તમે જાણતા નથી એને.' આ ભાંગરો વાટ્યો. આપણે સમજતા હતા કે 'આ વધારે પડતું થયું', તો ત્યાં પેલાને કહેતા શું વાંધો છે કે 'ભઈ, વધારે થઈ ગયું. ભૂલ થઈ છે.' એટલું કહીએ એટલે પાછું એ પેલા ક્રોધને ખોરાક ના મળે. ભૂખ્યો રહે. પણ આ તો તમે જમાડો. નિરાંતે જમ મારી આબરૂ ના જાય તો સારું, કહે. તું જમ. એટલે ક્રોધ જમે ને ! (એક બાજુ) જમાડવો છે ને (પાછો) કાઢવો છે. તમને સમજ પડે, જમાડે લોકો ?

**પ્રશ્નકર્તા :** દાદા, આ વાત એવી સૂક્ષ્મ થાય છે.

**દાદાશ્રી :** નહીં, આ વાત હોઈ શકે નહીં. આ પુસ્તકમાં ના હોય, બીજે ના હોય. આ તો આ મારા જ્ઞાનમાં દેખાય બધું આ.

તમને સમજાય છે આ બધી આવી સૂક્ષ્મ વસ્તુઓ ? જ્ઞાની પુરુષો સમજી શકે કે આ કોની વકીલાત કરી.

કોની વકીલાત કરી એણે ? ક્રોધનો બચાવ કર્યો. તે ઘડીએ એણે શું કહેવું જોઈએ ? જો ભૂખે મારવો હોય, ત્યારે કહે કે ભાઈ, ખોટું થયું એ તો મને બહુ પસ્તાવો થાય છે. આવું કહ્યું હોયને તો ક્રોધ જાણે કે આપણી વકીલાત કરતો નથી. એટલે હવે આ ઘેરથી તો ખાલી કરવું પડશે. ગમે ત્યાં રેન્ટનો કાયદો હોય કે ના હોય પણ હવે ખાલી થવું પડશે એવી મને

ખાતરી થઈ, કહે છે. હવે તમે એનો બચાવ ના કરો, તમે ઊલટા પ્રતિક્રમણ કરો સામાના નામના. તમારે લીધે જેને દુઃખ થયું હોય એના, કારણ કે ક્રોધ-માન-માયા-લોભ ગયા.

**પ્રશ્નકર્તા :** અને દાદા, આપે એક બાજુ કહ્યું, કે આ ભમરડાએ કાંઈ કરવાનું નથી અને છતાંય આ ભમરડાએ ઘણાય ઉકેલ કરવાના છે.

**દાદાશ્રી :** હા, ઘણા ઉકેલ કરવાના છે.

**પ્રશ્નકર્તા :** આ ભમરડાએ ઘણા ઉકેલ કરવાના છે. આ એકલી ચા-બીડીનું વ્યસન નથી, એકલા ચા-બીડીના ભાવ નથી કરેલા...

**દાદાશ્રી :** ના, એ તો બીજા બધા...

**પ્રશ્નકર્તા :** એવા ઘણાય ભાવ કરેલા છે.

**દાદાશ્રી :** હોય પણ તે મારું કહેવાનું, હવે શું કરવું તેને ? એને જીવન આપો નહીં, ફરી એક્સટેન્શન ના આપો.

**પ્રશ્નકર્તા :** નહીં તો ચાર્જ થાય, નવું ચાર્જ થાય ?

**દાદાશ્રી :** ના, આમાં ચાર્જ ને ડિસ્ચાર્જ થતું નથી, એક્સટેન્શન મળી જાય છે. એક્સટેન્શન શું કે આ પાંચ માણસની રૂબરૂમાં તમને કહે તો 'તમારું શું જતું રહ્યું ?' કહીએ. આપણે કહીએ કે 'ભઈ, બરાબર છે.' એક્ઝેક્ટ કહેવામાં વાંધો શો છે ? અને સંસાર વ્યવહારમાં કહેતા હોય તો જરા જોરેય પડે. અહીં તો અહંકાર ગયેલો છે, વાંધોય શો છે હવે ?

**પ્રશ્નકર્તા :** દાદા, એ એક્સટેન્શનનો બીજો અર્થ કે એ જે ડિસ્ચાર્જ થતું હતું, એ ડિસ્ચાર્જ રોકાઈ ગયું અને એનું જીવન વધ્યું.

**દાદાશ્રી :** એ જે કહો તે પણ, આ રીતે સમજો તો સારું. આ એક્સટેન્શન મળી ગયું, એ રીતે સમજો તો સારું કહેવાય.

**પ્રશ્નકર્તા :** કારણ કે આ તો ડગલે ને પગલે લાગુ પડે છે, ઘણી બાબતમાં.

**દાદાશ્રી :** ના પણ, મારું કહેવાનું કે એને ફિટ કરી દેજોને !

## ભૂલ રહિત થવું હોય તો...

કોઈ માણસને ભૂલ રહિત થવું હોય તો તેને અમે કહીએ કે માત્ર ત્રણ જ વર્ષ ક્રોધ-માન-માયા-લોભને ખોરાક ના આપીશ. તો બધા મડદાલ થઈ જશે. ભૂલોને જો ત્રણ જ વર્ષ ખોરાક ના મળે તો ઘર બદલી નાખે. દોષ એ જ ક્રોધ-માન-માયા-લોભનું ઉપરાણું. જો ત્રણ જ વર્ષ માટે ઉપરાણું ક્યારેય પણ ના લીધું તો તે ભાગી જાય.

લોક તો ક્રોધ-માન-માયા-લોભને જ સાચવ સાચવ કરે. કો'ક ગાળ ભાંડે તોય ઊલટું ઉપરાણું લે. આપણને ગાળ ભાંડે, તેમાં જે ગુસ્સો (કરે) છે એ ગુસ્સાનું ઉપરાણું લે પોતે. અને જો એ ગુસ્સાને કહે, સહન કર. શું કરવા કર્યો'તો તેં આ ? તે ઉપરાણું ના લે, તો હમણાં રાગે પડી જાય. ઉપરાણું લે ખરા ? ઊલટું પોતાના ગુસ્સાના ઉપર ઉપરાણું લે, નહીં ? ગુસ્સાને સાચવે. એવું તમે કોઈ દહાડો સાચવેલું ખરું ? એ જ ધંધા કરેલા અત્યાર સુધી ! ક્રોધ-માન-માયા-લોભને જમાડેલા અને કહે છે, મારે કાઢી મૂકવા છે.

ક્રોધ-માન-માયા-લોભ કોને કહેવાય છે કે આ દેહના, આ પ્રકૃતિના ચાર ગુણો છે. તે રાગને આકર્ષણ એટલે લોભને આકર્ષણ કહે છે. આકર્ષણ, વિકર્ષણ અને પછી આ ક્રોધને ઉગ્રતા કહેવાય છે. તે એ પ્રકૃતિના પરમાણુ જ છે. એની મહીં, આ જગતના લોકોનો આત્મા તન્મયાકાર થાય, અજ્ઞાનીનો ક્રોધ ત્યારે કહેવાય છે. હવે તમે જ્ઞાતા-દ્રષ્ટા તરીકે રહો. આ ઉગ્રતા હોય તે એટલે પછી તમારી ઉગ્રતાથી સામાને વાગ્યું હોય તેનું તમે પ્રતિક્રમણ કરો. સામાને દુઃખ તો ના જ થવું જોઈએને ! પહેલાની આપણી જ ભૂલ છેને ! એ ઉગ્રતાની જવાબદારી તો આપણી જ છેને !

એની જોખમદારી તો આપણી જ છેને ! એ ઉગ્રતા વધારે હોય કે ઓછી હોય.

એટલે આ દેહના જે ચાર ગુણો છે, એ નપુંસક છે. ન્યુટ્રલ છે. જો આત્મા ભળે તો સજીવ થાય છે. પણ આત્મા જ્ઞાતા-દ્રષ્ટા રહે એટલે બધું ઊડી ગયું.

**પ્રશ્નકર્તા :** આત્મા ભળે તો થાય, નહિતર ના થાય !

**દાદાશ્રી :** આત્મા ભળ્યો નહીં, એને ક્રોધ ગણાતો જ નથી. કારણ એ તો અમેય છે તે ત્યાં કામ પર જઈએ છીએને, ત્યારે જરા હોંકારો પાડીને બોલું, બધું કરું પણ મજૂરો સમજી જાય કે આ મારા શેઠ કરુણાવાળા છે. અંદરખાને ઓળખી ગયેલા એ લોકો. પણ બોલીએ ખરા કે 'ભઈ, અમે તમારું શું બગાડ્યું છે ? પૂર્વભવે અમે તમારા શું પૈસા લઈ લીધા છે કે શું ખાઈ ગયા છીએ કે આમ કરો છો ? શું કરવા બેસી રહો છો ? બેસીને પૈસા ના લેવાય.' એવું-તેવું કહીએ. બધું બોલવું તો પડે, વ્યવહારમાં બોલવું પડે. વ્યવહાર શાનું નામ કહેવાય ? 'કષાય રહિત' બોલો. જેમાં કષાય ના હોય, ક્રોધ-માન-માયા-લોભ, એ અકષાયી વાણી કહેવાય.

## રક્ષણ કરવાથી જ ઊભું રહ્યું આ જગત

આ વાણીથી આખું જગત ઊભું રહ્યું છે. જો વાણી ના હોત તો તો આ જગત આવું ના હોત. એટલે વાણી જ મુખ્ય આધાર છે.

વાણી બોલો તેનો વાંધો નથી, પણ 'અમે સાચા છીએ' એમ એનું રક્ષણ ના હોવું જોઈએ. 'અમે સાચા છીએ' એનું નામ જ રક્ષણ કહેવાય અને રક્ષણ ના હોય તો કશું જ નથી.

## અનંત અવતાર કોનું રક્ષણ કર્યું ?

મૌન જ થવાનું છે. વાણી તો બોલશો જ નહીં. આ કાળની વાણી તો ગાંડી જ છે. બોલે કે તરત ગાંડપણ બહાર પડી જાય.

**પ્રશ્નકર્તા :** તો બોલવું જોઈએ ને ? બહાર પડી જાય તે સારું ને ?

**દાદાશ્રી :** નહીં. એ ખોટું કહેવાય. આમાં બોલવા જેવું રહેતું જ નથી. 'આ જ્ઞાન' જ એવું પ્રકાશમય છે કે બોલવાની જરૂર જ ના રહે.

**પ્રશ્નકર્તા :** પણ વાતાવરણ જ એવું હોય તે કોઈ વખત બોલાઈ જાય.

**દાદાશ્રી :** બોલાઈ જવાય, તો આપણે કહેવું કે 'આ ચંદુભાઈનું મગજ જરા એવું વસમું જ છે.' આપણે ચંદુભાઈનું અવળું બોલ બોલ કરવું. ચંદુભાઈની જોડે વહાલ રહ્યું નથી ને, તમને કે બહુ વહાલા લાગે છે ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** તો પછી હકીકત કહી દેવી. 'ચંદુભાઈ' 'તમારા'થી જુદા છે, એવી રીતે તમારે વાત કરવી.

**પ્રશ્નકર્તા :** 'ચંદુભાઈ'નું હથિયાર ઉપાડવું જ નથી, એવી વાત છે.

**દાદાશ્રી :** બસ, એ ખરેખરું. હથિયાર ઉપાડવાનું નહીં. અનંત અવતારથી હથિયાર ઉપાડીને પારકાંનું રક્ષણ કર્યું.

વધારે પડતું બોલ્યા એટલું ગાંડપણ લાગે ને ? વખતે એવું ગાંડપણ નીકળી જાય, એટલે તમારે કહેવા લાગવું કે 'આ ચંદુભાઈ બોલ્યા છે ને, તેને હું ઓળખું છું. જરા વસમું ખાતું છે.' એવું કહેવું. અને તમે એવું બે-ચાર વખત બોલશો ને, એટલે સામેવાળો પણ પોતાની જાતને 'વાંકા છે' એવું પોતે કહેશે. પણ તમે એને એમ કહો કે 'તમે ખોટા છો', તો એ તમને પકડી લે. માટે બીજાને ખોટા કહેવાનું છોડી જ દો અને કોઈનેય ખોટા કહેવાનું હોય જ નહીં. આ તો આપણી મૂર્ખાઈ છે. કોઈને ખોટો કહેવો, બ્લેઈમ કરવો, એવું બોલવું એ આપણી ફૂલીશનેસ (મૂર્ખાઈ) છે.

## પકડ પકડી ત્યાં નુકસાન

**પ્રશ્નકર્તા :** આવા ફોડ પાડો ત્યારે સમજાય. ત્યાં સુધી વાત પહોંચતી પણ નથી.

**દાદાશ્રી :** એ જ અજાયબી છે ને ! ફોડ પાડવો પડે છે, એ જ આ જમાનાની અજાયબી જ કહેવાય. હું તો લેટ ગો કરું કે આમને સમજણ જ નથી ત્યાં શું થાય !

**પ્રશ્નકર્તા :** આમ થોડુંઘણુંય સમજાવું જોઈએ ને ?

**દાદાશ્રી :** એ કૉમનસેન્સ હોય તો સમજાય. કૉમનસેન્સ થવા માટે સરળતા જોઈએ. સરળતા ને મૃદુતા-બે, એ બધું તમારામાં હોય નહીં ને !

'કોમનસેન્સ' એટલે શું ? કે 'એવરીવ્હેર એપ્લીકેબલ, થીઅરેટિકલ એઝ વેલ એઝ પ્રેક્ટિકલ !'

'કોમનસેન્સ'વાળો માણસ 'એવરીવ્હેર એડજસ્ટેબલ' હોય.

કૉમનસેન્સ ખીલેલી હોય તો રસ્તો કાઢે. તમે ગૂંચવીને આવો ને કૉમનસેન્સવાળો ગૂંચાયેલું ઉકેલીને આવે. ગૂંચ કાઢી નાખે તરત જ.

**પ્રશ્નકર્તા :** એટલે પકડ પકડવી નહીં !

**દાદાશ્રી :** પકડ પકડે એટલે વધારે નુકસાન થાય. એનાથી તો આ બધું ઊભું થયું. એને જક્કી કહેવાય. તેથી આ બધું બહુ નુકસાન કરી નાખે. ગમ્મે એટલી લાતો વાગે પણ નહીં છોડું, કહેશે. એટલે બધું છોડવું પડશે ને આ ?

એ પ્રકૃતિ સ્વભાવ બધો, એ જાય નહીં ને ! ચોખ્ખા માણસને જક્કીપણું બહુ પેસી જાય. મેલાને જક્કીપણુંય ના હોય. વધારે જક્કીપણાથી નુકસાન બહુ થાય. કારણ કે જક્કી માણસ (પોતાનું) પ્રોટેક્શન (બચાવ) કરવા જાતજાતના, ગમે તેવા ખરાબમાં ખરાબ નુસખા કરે. હલકી કોટીના નુસખા હઉ કરે. પોતાની વાત ખરી કરાવવા માટે જક્કે ચઢે.

## ભરેલા માલનો પક્ષ ના લઈએ

જ્યાં અહંકાર હજુ ભરેલો છે મહીં, એટલે ચઢે ખરો ને હજુ. છતાં એ નિકાલી (ડિસ્ચાર્જ) અહંકાર છે, એ સાચો અહંકાર નથી. તો પણ 'પોતે' 'એનો' પક્ષ લે. ખરાખરી કરાવનારા નીકળ્યા ! એ ના હોવું જોઈએ.

જક્કે ચઢે ને, તો આત્માને આવરણ વધારે ચઢે. જો કે આ 'જ્ઞાન' પછી આ બધો હવે વ્યવહાર માત્ર રહ્યો છે. નિશ્ચયથી જક પણ ગઈ, દ્વેષેય ગયો, રાગેય ગયો ને બધું જ ગયું. હવે વ્યવહાર સચેતન નથી, એ અચેતન છે. અચેતન એટલે આપણે એને ફરી સળી કરીએ તો કામ થાય. નહીં તો આમ ફૂટી ફૂટીને પછી પડી જાય. અવળી હોય તો આમ કૂદે ! કોઠી ફૂટે ને ફૂટીને એનાં લક્ષણ બતાવીને જતી રહે, બીજું કશું નહીં. એનાં લક્ષણ બતાવે કે એ કોઠી હતી કે શું હતું. ફૂલઝરી હતી કે તારામંડળ હતું એમ આપણને લક્ષણ માલૂમ પડી જાય બધાં ! શું ફૂટે છે ? કોઠી ફૂટે છે કે હવઈ ફૂટે છે કે ધડાકિયો ?

પણ આપણા અક્રમ જ્ઞાનના આધારે મડદાલ અહંકાર છે. એટલે જ્યારે ત્યારે નીકળી જ જવાનો. ક્રમિકમાં તો જીવતો અહંકાર હોય અને અહીં અક્રમમાં મડદાલ અહંકાર, ડ્રામેટિક બધું રહ્યું. ક્રોધ-માન-માયા-લોભ બધું ડ્રામેટિક રહ્યું. એ કષાય રહ્યા, એનો હવે નિકાલ લાવવાનો છે.

## અહંકાર બને બબૂચક

**પ્રશ્નકર્તા :** આપણને વ્યવહારમાં જેને લીધે પ્રોબ્લેમ ઊભા થાય છે, તે બુદ્ધિ કરતાં અહંકારને લીધે વધારે થાય છે એમ લાગે છે. કારણ કે મૂળ તો અહંકાર ને ? અહંકાર ના હોય તો બુદ્ધિ હોય જ નહીં ને ? એટલે મૂળ દોષ જ અહંકારનો ને ?

**દાદાશ્રી :** અહંકાર તો કહેવા માત્રનો છે, આંધળો મૂઓ છે. આમાં બુદ્ધિનું ચાલે છે. મૂળ બુદ્ધિનો દોષ છે. બુદ્ધિએ એનો લાભ ઉઠાવ્યો.

**પ્રશ્નકર્તા :** અહંકાર તો આંધળો છે પણ અહંકાર જ મુખ્ય વસ્તુ છે ને ? અહંકાર ના હોય તો બુદ્ધિ બરાબર ના ચાલે ?

**દાદાશ્રી :** અહંકાર ના હોય તો બુદ્ધિ હોય નહિ. અહંકાર છે તો મન-બુદ્ધિ-ચિત્ત બધું છે. અહંકાર એટલે કર્તા-ભોક્તાપણું. એને કર્તા-ભોક્તાનો માર પડે અને બુદ્ધિ છેટે રહે. અહંકાર માર ખાય, બબૂચક માર ખાધા કરે !

## ડીલિંગ, બુદ્ધિ સાથે...

**પ્રશ્નકર્તા :** પેલી બુદ્ધિની વાત નીકળી હતી ને કે બુદ્ધિને અંડરહેન્ડ (નોકર) તરીકે રાખવાની, નહીં તો બુદ્ધિ બોસ (માલિક) તરીકે રહેશે. એ જરા ફોડ પાડોને.

**દાદાશ્રી :** બુદ્ધિનું ચલણ આવે તો બુદ્ધિ બોસ થઈ બેસે અને જાણી જોઈને છેતરાય એટલે બુદ્ધિ જાણે કે આ વળી મારું ચલણ નથી રહ્યું. નહીં તો બુદ્ધિ જાણી જોઈને છેતરાવા ના દે. એ પ્રોટેક્શન (રક્ષણ) ખોળી જ કાઢે. પણ આપણે જાણી જોઈને છેતરાઈએ એટલે બુદ્ધિ ટાઢી પડી જાય, 'યસ મેન' (હાજી હા કરનાર) થઈ જાય પછી, અંડરહેન્ડ તરીકે રહે.

**પ્રશ્નકર્તા :** અને છતાંય વ્યવહારનું કામ બગડે નહીં.

**દાદાશ્રી :** કશુંય બગડે નહીં. વ્યવહારનું કામ બગડતું હશે ? વ્યવહારને સુધારવા માટે તો, બુદ્ધિ એનું કામ કર્યા જ કરે છે. આ તો વધારાની બુદ્ધિ આપણને ટૈડકાવે છે.

**પ્રશ્નકર્તા :** વ્યવહારમાં જો નોર્મલ બુદ્ધિ હોય અને આ જે એક્સેસ બુદ્ધિ છે, એમાં પોતે કેવી રીતે સમજી શકે કે આ એક્સેસ બુદ્ધિ છે ?

**દાદાશ્રી :** વાતવાતમાં ઈમોશનલ કરે તે એક્સેસ બુદ્ધિ. એ સેન્સિટિવ થઈ જાય. બહુ સેન્સિટિવ સ્વભાવનો છે, એવું નથી કહેતા ?

**પ્રશ્નકર્તા :** એ એક્સેસ બુદ્ધિ છે, એની સામે પોતે કેવી રીતે 'ફેસ' કરવું ? આ જે ઈમોશનલ કરે છે, સેન્સિટિવ કરે છે ત્યાં કેવી કેવી રીતે એ બ્રેક મારવી ?

**દાદાશ્રી :** આ ભાઈને પોલીસવાળો પકડવા આવે તો તું એને કહી દઉં કે 'તું આમ જતો રહે, પોલીસવાળા આવ્યા છે.' એમ પાછલે બારણે કાઢી મૂકે, એનું નામ વધી ગયેલી બુદ્ધિ. પેલા ભાઈને બુદ્ધિ નથી અને સમજણ નહોતી પડતી, ત્યારે આપણે રસ્તો કરવો પડે ને ? પેલો કહેય ખરો કે, 'તમે મને બહાર કાઢ્યા, તે સારું થયું.' એટલે પોતે મનમાં ફૂલાય કે 'હેંડો, ચાલો, આપણો વ્યવહાર સારો થયો !' આમ પોતે ગર્વરસ ચાખે, તે વધારે બુદ્ધિ. પણ એ પછી બોસ થઈ બેસે ને ? પછી આપણી બાબતમાંય એવું કરે એ, આપણી મર્યાદા ના રાખે.

**પ્રશ્નકર્તા :** આપણી બાબતમાં એટલે કઈ રીતે ?

**દાદાશ્રી :** એ બુદ્ધિ આપણી પાસેય કહેશે કે 'આ કરો, કરો ને કરો જ. બીજું ના કરવા દઉં. બેનને ગાળો જ દો.' આપણને મનમાં એમ થાય કે 'બેનને ગાળો શું કરવા દઈએ ?' પણ એ બુદ્ધિ કહેશે, 'ના, બેનને ગાળો દો.'

**પ્રશ્નકર્તા :** બુદ્ધિ આવું બતાડે છે, એની સામે કેવી રીતે ડીલિંગ કરવું ?

**દાદાશ્રી :** કહ્યું ને ભઈ, આવી બુદ્ધિને નોકર બનાવી દો, બોસ નહીં. એક મહિના સુધી છેતરાય છેતરાય કરે તો ધીમે ધીમે બુદ્ધિનું ચલણ ઓછું થઈ જાય. 'મારું ચલણ નથી' એમ બુદ્ધિ કહે પછી.

**પ્રશ્નકર્તા :** આ એક્સેસ બુદ્ધિ જે દેખાય એને સમજાવી-પટાવીને કે એના સામા થઈને ફેસ કરી શકાય ?

**દાદાશ્રી :** કહ્યું ને, જાણીને છેતરાઓ.

**પ્રશ્નકર્તા :** પણ બુદ્ધિની તો બૂમો કેટલી બધી પડતી હોય તો તેના પક્ષમાં ભળી જવાય છે તેનું શું ?

**દાદાશ્રી :** શી રીતે ભળી જવાય ? ચોખા એ ચોખા ને દાળ એ દાળ, ખીચડીમાં જુદું જ હોય ને ! પછી એ ગમે તે થાય. છૂટું એકવાર પાડવું પડે. પછી એ ભળી ના જાય.

**પ્રશ્નકર્તા :** બુદ્ધિનું ચલણ હોય અને એના આધારે દોરવાય તો પછી મહીં બળતરા ઊભી થાય ને ઈમોશનલપણું ઊભું થઈ જાય ને ?

**દાદાશ્રી :** બુદ્ધિનું ચલણ હોય તો ઈમોશનલ થાય પણ બળતરા ના થાય. બળતરા તો અહંકાર ઊભો થાય ત્યારે થાય.

## કરવાનો નિકાલ, નિર્જીવ અહંકારનો

**પ્રશ્નકર્તા :** જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી બુદ્ધિ, અહંકાર એ કશાની જરૂર રહેતી જ નથી ?

**દાદાશ્રી :** અહંકાર ચાલ્યો જ જાય છે. ત્યાર પછી જ્ઞાન પ્રાપ્ત થાય. જ્ઞાની પુરુષ અહંકારને જ ડિસમિસ (બરતરફ) કરી દે છે. ત્યાર પછી આ જ્ઞાન પ્રાપ્ત થાય. ત્યારે કહે, 'હવે સંસાર ચલાવવા માટેનું શું ?' ત્યારે કહે, 'તેનો એ નિર્જીવ અહંકાર રહે છે, જીવંત નહીં.' એ જીવંત અહંકારને ડિસમિસ કરી દેવામાં આવે છે. નિર્જીવ ઇગોઇઝમ ડિસ્ચાર્જ રૂપે હોય એટલે આ જ્ઞાન લીધા પછી તમારે નિર્જીવ અહંકાર રહ્યો છે.

અજ્ઞાન દશાનો અહંકાર સજીવ કહેવાય. સ્વરૂપજ્ઞાન થયા પછી એ નિર્જીવ થઈ જાય છે. એ નિર્જીવ અહંકારનું જો ઉપરાણું લીધું કે 'હું આવો નથી' તો એ પાછો સજીવ થઈ જાય. નિર્જીવ અહંકારનો નિકાલ કરવાનો છે, તેનું રક્ષણ કરવાનું નથી. અહંકાર સજીવ ના થાય એવું કરજો હવે.

**પ્રશ્નકર્તા :** એ તો કોઇકવાર એવો અહંકાર ઊભો થાય છે પણ એ પછી એનું પ્રતિક્રમણ થઈ જાય.

**દાદાશ્રી :** ના, ના, આ તો લોકોની તંતીલી ભાષા છે ને, એ અહંકાર ઊભો કરી દેવડાવે. આ તમારી જોડે કોઇ તંતીલી ભાષાથી બોલે કે તમે આવા છો. તંતીલી ભાષા લોકોને બહુ હોય છે, તાંતાવાળી. તે બેનને થાય કે 'તે હું (કંઈ) એવી છું ?' જો આપણે એ જે કહે છે એનું રક્ષણ કરવા જઇએ તો જે અહંકાર નિર્જીવ કરેલો છે એ પાછો સજીવ થાય.

**પ્રશ્નકર્તા :** એ તો સજીવ થયો એટલે એ તો પાછું ચેતનવંત થઈ ગયું.

**દાદાશ્રી :** ના, એટલે એ મહાપરાણે અહંકાર નિર્જીવ થાય છે. બીજું બધું નિર્જીવ થઈ શકે પણ અહંકાર નિર્જીવ થવો બહુ વસમો છે. એ અહંકાર નિર્જીવ કર્યો છે. એ માટે કોઈ તંતીલું બોલે, તો આ જે કહે છે ને તમે ચક્રમ છો, તે ઘડીએ ઉપરાણું ના લેવું જોઈએ. આપણે કહેવું કે તારે જે કહેવું હોય તે કહે ને, વ્યવસ્થિતમાં હશે તો એટલું કહેશે ને ? આપણે એને શું કહીએ કે તમે કહો છો એવા છીએ.

**પ્રશ્નકર્તા :** એ થાય, એનો બચાવ નહીં કરવાનો.

**દાદાશ્રી :** એટલે અહીં બધા બહુ ભૂલો ખાય છે પાછા. જે નિર્જીવ અહંકાર કરેલો છે એ સજીવ થાય છે. એટલે બહાર ગમે તે કંઈ ગાંડો કહે ને તો આપણે ફાઈલનો નિકાલ કરી લો. જે કહેવું હોય તે કહેજો. આ ભક્તો નહીં બોલતા આવું કે તમારે જે કહેવું હોય તે કહેજો. અમને તો આવડતું નથી ભાઈસાબ. અમે એવું બોલીએ છીએ તોય અમને તો કંઈ એવું કશું આવડતું નથી. તમે એવું નહીં બોલતા ? અમારા ભત્રીજા કંઈક બોલે છે ત્યારે અમે કહીએ છીએ કે ભઈ, પહેલેથી જ કાકા એવા હતા. કારણ કે એનું ઉપરાણું ના લેવાય. નહીં તો તે અહંકાર નિર્જીવ હતો તેનો સજીવ થયો પાછો.

અમે ઉપરાણું ના લઈએ, એવું કોઈ બોલે તોય. કારણ કે નિર્જીવ અહંકાર કર્યો હોય, તેને સજીવ કરે

તો પછી અહંકાર સજીવ થયો. એટલે પાછો મોટા થયા કરે. આ આત્માનું ચાલ્યા કરે ને એયે ચાલ્યા કરે, જોડે જોડે. અમને અત્યારે કોઈ ઘનચક્કર કહે તો હું ઉપરાણું ના લઉં. હું જાણું કે ઘનચક્કરને ઘનચક્કર કહે છે, મને તો એ ઓળખતો જ નથી ને. હું ઉપરાણું લઉં તો પાછો મારે આ અહંકાર સજીવ કરવો પડે. એ અહંકાર સજીવ થયો એટલે પછી પાછો રોરન ખોરન (ખેદાન-મેદાન) કરી નાખે બધું.

કોઈ કહે કે તમે આવા છો, તેવા છો, પાગલ છો તો તેનું ઉપરાણું ના લેવું, રક્ષણ ના કરવું. કહેવું કે અમે તો પહેલેથી જ આવા છીએ. ઉપરાણુ લીધું કે રક્ષણ કર્યું તો નિર્જીવ અહંકાર છે એ સજીવ થઈ જાય.

અને સજીવ કંઈ (એમ) થતો નથી. થયેલું ? સજીવ તો ખાલી અમથા એને જરા આ તો કાચો છે, તેટલા માટે કહીએ.

**પ્રશ્નકર્તા :** દાદા, હવે આપની પાસે જ્ઞાન લીધા જે પછી અહંકાર આપે નિર્જીવ કરી નાખ્યો, એ નિર્જીવ અહંકાર કોઈ પણ વખતે સજીવ થાય ?

**દાદાશ્રી :** ના, એ (સજીવ) થઈ શકે જ નહીં. એ તો છોકરાને બીવડાવવા માટે કહેવું પડે કે જરાક ચેતતો રહેજે. આવું આવું ગા ગા કરતો હોય ત્યારે પછી બીવડાવવા માટે કહેવું પડે એ તો. કો'ક એનો સ્વભાવ એવો હોય ને, તે એને બીવડાવવા માટે કહેવું પડે કે તારું સજીવ થઈ જશે એટલે કર્મ બંધાશે.

**પ્રશ્નકર્તા :** એ દાદા, પેલા તળાવ આગળ ના જાય એટલા માટે 'ભૂત છે' એમ કહે.

**દાદાશ્રી :** કો'કને ભડકાવો પડે. કો'કને આમ કરવું પડે. એમ તેમ કરીને બધાને રાગે પાડવાના.

**પ્રશ્નકર્તા :** એ સમજવું છે કે સજીવ કેમનો થયો ? સજીવ થાય જ નહીં પછી !

**દાદાશ્રી :** હા, હા. પણ તે કાલે વધી જાય તો સજીવેય થઈ જાય. વધી જાય અને પાંચ આજ્ઞા છૂટી જાયને, આ આમાં આગ્રહમાં પડી જાય તો સજીવેય થઈ જાય. માટે જોખમ છે એમાં.

**પ્રશ્નકર્તા :** પાછું અમુકવાર ટેવ પડેલી હોય ને, એને ટેકો આપનાર પણ ઊભા થાય છે.

**દાદાશ્રી :** એ તો હોય જ ને ! ટેવમાં બધું હોયને !

**પ્રશ્નકર્તા :** તે એને રક્ષણ કરનારા પણ ઊભાં થાય છે. ટેવ પડી હોય અને પાછું એને રક્ષણ કરે. એટલે ટેવ મજબૂત થાય.

**દાદાશ્રી :** આજે રક્ષણ કરીશ તો પણ ફરી પણ કાઢવાની તો છે જને. રક્ષણ કરીને ઊલટું તમે વધારે દેવું ઊભું કરો છો.

**પ્રશ્નકર્તા :** એ જાણીએ ખરા કે આ ટેવને કાઢવાની છે પણ એનું રક્ષણ પણ થાય. પેલો ધ્યેય તો એ હોય કે આ ટેવ કાઢવાની છે એવો.

**દાદાશ્રી :** એટલે ઘરમાં સાપ પેસી ગયો હોય તો સાપ કાઢવાનો છે એવું જાણે પણ રહેવા દેવો હોય તો આપણે કંઈ ના કહેવાય ? એક એ સાપેય છે અને આપણે, સૂઈ ગયાં છે બેઉ...

## ઉપરાણાથી ફાયદો શો ?

કોઈ ફેરફાર થાય છે કે આમાં ? કંઈ પ્રગતિ થોડીઘણી થાય ?

**પ્રશ્નકર્તા :** દાદા, મારે શું થાય કે ઊભરો આવી જાય તે ઉપરાણું લઈ લઉં, પણ પછી યાદ આવે છે કે દાદાની આજ્ઞા છે કે આવું કરવાનું નહીં. એટલે હજી પેલી જૂની આદત છેને, એટલે ઊભરો આવી જાય છે, પણ પાછું અંદર શમી જાય છે, બહાર નીકળ્યા પહેલા.

**દાદાશ્રી :** હા. એટલે પેલા સામા માણસને શું લાગે કે સહન કરી લે છે એમ !

**પ્રશ્નકર્તા :** ના, સામા માણસને ખબર ના પડે કે ઊભરો આવ્યો છે અંદર. મને જ ખબર પડે કે ઊભરો આવ્યો છે.

**દાદાશ્રી :** એવું છેને, સામા માણસને તો કંઈક રહસ્ય હોય ત્યારે જ ઊભરો આવેને એવો ?

**પ્રશ્નકર્તા :** એવું સામા માણસનું કંઈ ના પણ હોય, આપણા મનનું જ એવું હોય અને ઊભરો આવી જાય એવું થાયને ?

**દાદાશ્રી :** એવું બને, એવું બને પણ આમ ઘણાફેરા તો સામા માણસનું એ હોય ત્યારે જ તું ઉપરાણું લઉં.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** ઉપરાણું લઉં તો કોની જોડે ઉપરાણું લઉં ? કોઈ સામું હોવું જોઈએને ?

**પ્રશ્નકર્તા :** હા. એ તો પણ દૃષ્ટિ બધું ઊંધું જોતી હતી એટલે ગમે તે ચીજમાં એવું થઈ જાય, પણ હવે એવું થતું નથી.

**દાદાશ્રી :** ના પણ, સામા માણસને સમજણ પડી ગઈ ?

**પ્રશ્નકર્તા :** સમજણ પડી જ હશે, મેં પૂછયું નથી, દાદા.

**દાદાશ્રી :** ઉપરાણું લે છે કે નહીં ? ક્યાં ગયા સામા માણસ ?

**પ્રશ્નકર્તા :** આ રહ્યા, દાદા.

**દાદાશ્રી :** એ ઉપરાણું લેતી હતી, એની ભૂલ હોય તોય ઉપરાણું લે ?

**પ્રશ્નકર્તા :** એ તો સ્વભાવ પડી ગયોને, દાદા.

**દાદાશ્રી :** સ્વભાવનો વાંધો નથી. સ્વભાવ તો ડિસ્ચાર્જમાં છે પણ જાગૃતિ (હોવી જોઈએને ?) આપણે શુદ્ધાત્મા થયા હવે.

એ બહેન ક્યાં છે ? એ મારી પાસે આવીને રોજ કહે છે કે 'હું શુદ્ધાત્મા છું, શુદ્ધાત્મા છું.' મેં કહ્યું, 'મને દગો દે છે ? ઉપરાણું લેવાતું હશે ? હજુય લે છે ?'

બોલો, હા કે ના, ભડકો છો શું કરવા તે ?

**પ્રશ્નકર્તા :** હા, લે છે. ના, ના, શું કરવા.... હું કંઈ ભડકું એમ નથી.

**દાદાશ્રી :** સામી થશે તો હું છુંને ! પહેલા તો સામી થાય તો તમે એકલા હતા પણ હવે તો હું છુંને ! મને કહી દેવું સામી થાય તો, સ્ક્રૂ મારી દઉં.

**પ્રશ્નકર્તા :** એ તો એને ખબર, દાદા. એ એને ખબર કે કેટલું એનું શમ્યું.

**દાદાશ્રી :** ઉપરાણું લે છેને પણ ?

**પ્રશ્નકર્તા :** હા, લે છે ઘણી વખત.

**દાદાશ્રી :** લે છેને ?

**પ્રશ્નકર્તા :** હા, હા.

**દાદાશ્રી :** તો એના એ જ છેને ! મનમાં એમ માને કશું થતું નથી. ઉપરાણું ના લે તો જાણવું કે બરોબર કરેક્ટ છે. ઉપરાણું લે તે ઘડીએ એમનું બગાડે છે. તમારું બગડતું નથી. એ ઉપરાણું લે છે કોઈ દહાડો ? લે છે ? તો પછી અમારી મહેનત જ નકામી ગઈને, છૂટી પડી. ફૂટી ગયા આતો બેઉ ! એક ફૂટે એટલે બેઉ ફૂટી જાય. આખું ઘર ફૂટી જાય. ક્યાં સુધી આમ ચાલે તે ? ન્યાય તો જોવો જોઈએને ? આપણે કાઢવું છેને ?

**પ્રશ્નકર્તા :** કાઢવું છે, દાદા.

**દાદાશ્રી :** ઉપરાણું લેવાતું હશે ? આપણે દસ માઈલ ચાલ્યા હોય, શા હારુ ચાલીએ ? ગામ જવા માટે અને ઉપરાણું લઈએ એટલે પાછા છ માઈલ ઓછા થઈ જાય. પછી આપણું ભાગે શું રહ્યું ?

તો તું શું કહે છે કે આ ક્ષમા નથી લેતી ? મેં ઉપરાણું લેવાનું જ કહ્યું હતુંને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** ત્યારે તેં કહ્યું, ચૂકી ગયા, હવે ફરી નહીં ચૂકું.

**પ્રશ્નકર્તા :** ના દાદા, એવું થાય કે દિવસમાં પંદર વાર થતું હોય અને આપણે સાત-આઠ વાર શમાવીએ, તો એ શમાવ્યું એટલું. એ એવી રીતે મેં કીધું કે એકદમ જ બધું શમાવ્યું એવું નહીં પણ ઘટતું ગયું એમ.

**દાદાશ્રી :** હા પણ થોડો વખત બને છે એવું ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા. મારાથી એ બને છે.

**દાદાશ્રી :** તો પછી તમે વાણિયા નથી. વાણિયો તો હિસાબ કાઢે કે થોડો વખત બને માટે આગળ થશે, વધશે !

**પ્રશ્નકર્તા :** હા, એ તો વધવાનું જ છે, દાદા. વધવાનું જ છે.

**દાદાશ્રી :** તો પછી એનો શો.....(અર્થ ?)

**પ્રશ્નકર્તા :** બધું નીકળી જશે.

**દાદાશ્રી :** એવું ના બોલશો. એ તો એને ફાવતું આવશે. એ અવળે રસ્તે ચઢશે. તમારે તો જોયા કરવાનું.

### મનની ચીતરેલી 'લૉ બુક'

તને એકુય ભૂલ દેખાઈ ? આ કાઢી તોય દેખાઈ ?

**પ્રશ્નકર્તા :** દેખાય પણ એટલું બધું ક્લીયર નથી થતું.

**દાદાશ્રી :** હા, ક્લીયર (સ્પષ્ટ) થવા દે ને ! ઉતાવળ શું છે આપણને ? હજુ તો '૮૩ની સાલ છે. ૨૦૦૫ ને તો હજુ બહુ વાર છે.

**પ્રશ્નકર્તા :** ના, એવું હોય ? હવે પોષાય નહીં એવું.

**દાદાશ્રી :** એક બાજુ પોષાય નહીં ને બીજી બાજુ આવું બોલો છો. હવે મનને 'ના ગમતું' ફેરવી નાખો.

**પ્રશ્નકર્તા :** પણ આનાથી શું નુકસાન થાય છે એ બરોબર સમજાતું નથી.

**દાદાશ્રી :** ત્યારે રહેવા દો આપણે. નુકસાન થયા પછી કરવાનું.

**પ્રશ્નકર્તા :** ના, એવું નહીં. આ મનનું કહ્યું મનાય નહીં. બીજી આ બધી જે ભૂલો બતાવો છો, પોતાની 'લૉ બુક'ની, એ બધું સમજાતું નથી.

**દાદાશ્રી :** એ તો મનના કહેવા ઉપરથી તમે બધા લૉ બુક વાપરો છો. એમાં ને એમાં જ, એટલા જ સર્કલમાં. કંઈ સવારમાં સત્સંગ માટે આવવામાં તમે મોડા થાવ છો કે એવી તેવી કશી ભૂલ નથી. અહીં આવવામાં ભૂલ થાય તો અમે કહીએ નહીં, કે તમે રેગ્યુલર થઈ જાવ. ફલાણું આમ થઈ ગયું એવું કશું છે નહીં. આ તો તમારી એ જ ભૂલો ને તમે એના એ જ ગોટાળા કરો. મનના કહેવા પ્રમાણેની લૉ બુક તમે વાપરો છો. એનું ઉપરાણું લે લે કરો છો. એનું ઉપરાણું લો છો ત્યારે એનું શું થાય ? તમે શું કરશો હવે ? આ તો એની એ જ ભૂલો. બીજી કંઈ નવી જાતની ભૂલો છે દુનિયામાં ? કંઈ સવારમાં મોડા આવો છો કે તમે આમ કરો છો કે બીજા કોઈને ગાળો ભાંડી આવ્યા ? અને તેય બહાર કરતા હશો પાછા. દાદાગીરી તો કરતા જ હશો, તો જ લોકોની બૂમો આવે ને ?

**પ્રશ્નકર્તા :** પહેલાં જેવું નહિ.

**દાદાશ્રી :** એ ખોટું હોય તો તરત ખબર પડશે ને ? પડઘો પડે કે ના પડે ?

**પ્રશ્નકર્તા :** પડે ને.

**દાદાશ્રી :** બીજે બધે કશું ખોટું નથી. ખોટું આ એકલું જ છે. આ મનનું તમે માનો છો એ એટલામાં જ છે. નાનામાં નાની બાબત, પણ તમારા માટે આવડો મોટો નિબંધ લખવો પડે છે. બીજાને તો એક જ વસ્તુ કહી દીધી કે 'ભઈ, આ કાઢી નાખજે.' ત્યારે એ કહે કે 'હા, કાઢી નાખીશ.' એટલે પછી એની ચર્ચા જ ના હોયને. તમે તો આડા એટલે કહેશો, 'પણ ગમતું નથી તેનું શું કરીએ ? પણ ગમતું નથી ને ? આવું ને આવું ગા ગા કરે એટલે પછી શું ખબર પડે ? ગમતું એટલે તો ગમાડનાર કોણ ? કોને ગમતું નથી ? એ તપાસ કરોને થોડીવાર. એક મન જેવી ન્યૂટ્રલ વસ્તુ એ તમને ગમાડનાર ? અને તેનો તમે આધાર લો છો ? 'મન કા ચલતા તન ચલે' અને એનીય 'લૉ બુક' તમારી ! બીજું શું દુનિયામાં ખોટું છે તમારું ? તમે નથી ખાવા-પીવામાં ખરાબ કે નથી બીજી કોઈ વસ્તુ ખરાબ. બધું સારું છે પણ આટલા હારુ જ ધૂળધાણી કરો છો ! તે પછી ધૂળધાણી થઈ જાય. એટલે તમારી પ્રગતિ અટકી છે.

## ઉપરાણાથી પડે ડાઘ, આત્મા પર

**પ્રશ્નકર્તા :** આપે વાત કરેલી કે અત્યારના અભિપ્રાય સાથે જો મન સહમત થતું હોય તો એ પ્રમાણે કરવું અને મન સહમત ના થાય તો મનના કહ્યા પ્રમાણે ના કરવું.

**દાદાશ્રી :** એટલું જ કહીએ છીએ ને ત્યારે !

**પ્રશ્નકર્તા :** આપ પૂછો કે આ તમને ગમે છે ? તો મનને ના ગમતું હોય, તો એ નથી ગમતું એમ તો કહેવું જ પડે ને ? પછી એ કરું છું તો ખરો.

**દાદાશ્રી :** 'નથી ગમતું' એમ કહેવાતું હશે ? એ મનને નથી ગમતું, તને શું વાંધો છે ? મનને ના ગમતું હોય તેમાં તને શું લેવાદેવા ? 'મને ગમે છે' કહીએ. 'નથી ગમતું' કહે તો આત્મા તેવો થઈ જાય. તને કેટલાય વખત કહ્યું કે જેવો ચિંતવે તેવો થઈ જાય.

**પ્રશ્નકર્તા :** મને સહેજેય ગમે નહીં છતાં હું જતો હતો અને સિન્સીયરલી કામ કરતો હતો.

**દાદાશ્રી :** હા, તે તમને કોણ ના પાડે છે ? સિન્સીયરલી કરે તો એડજસ્ટ થાય.

**પ્રશ્નકર્તા :** પણ મનના કહ્યા પ્રમાણે જ ચાલે છે એવું મારું નથી, કમ્પલીટ બદલાઈ ગયો છું.

**દાદાશ્રી :** હા, તોય તું એમ કહેતો હતો ને કે મને નથી ગમતું છતાં કરું છું.

**પ્રશ્નકર્તા :** એટલે મનને ગમે નહિ, એટલે હું કહું કે 'લૉ બુક' આ બતાવે છે, એટલે આમ નહિ, આમ કરવાનું છે. પાછલો અભિપ્રાય આવું બતાવે છે કે આપણે આ પ્રમાણે નથી કરવાનું ને આ પ્રમાણે કરવાનું છે.

**દાદાશ્રી :** એ છો ને બતાવે, પણ તું એમ કહેતો હતો કે 'મને નથી ગમતું' તોય આ કરવા જવું પડે છે. 'મને નથી ગમતું' એ બોલવું એ કેટલો ભયંકર ગુનો છે ! ને આ સાયકોલોજીકલ ઈફેક્ટ શું થાય ? આત્મા તેવો થઈ જાય. ના ગમતું હોય તો સૂઈ રહે ને છાનોમાનો ! ખાવું હોય તો ખા, નહિ તો પડી રહે. આપણે 'એનું' ઉપરાણું લઈને શું કામ છે ? આ તો તું એવું બોલ્યો કે મને ગમતું નથી છતાં 'હું સિન્સિયરલી કરું છું.' ત્યાં આ આજ્ઞા છે એટલે તેમાં 'મને ગમતું નથી' એની આત્મા પર શું અસર થઈ તને ખબર છે ? ડાઘ પડી ગયો. હવે આ ડાઘ કાઢતાં કેટલો ટાઈમ લાગશે ? ઠેર ઠેર ડાઘ કાઢતાં પાછો કેટલો ટાઈમ લાગશે ? ઠેર ઠેર ડાઘ પાડી મેલોને તે શું થાય ? એટલે આ જેવું ચિંતવે એવો આત્મા થઈ જાય.

મનને બિલકુલ ના ગમતું હોય, સો ટકા ના ગમતું હોય તોય આપણે કહીએ, 'મને ગમે છે.'

એટલે એવો જ આત્મા થઈ જાય. હવે તું ફેરફાર કરી નાખીશ ને ?

**પ્રશ્નકર્તા :** હા.

### કલ્પે તેવો થાય

**દાદાશ્રી :** જે માન્યતા અવળી હતી, તે હવે સવળી થઈ. તે ફરી પાછી માન્યતા અવળી ન પેસે, એટલા માટે તું શુદ્ધ છું એ છોડીશ નહીં. કારણ કે આત્માનો સ્વભાવ કેવો છે ? ભગવાન મહાવીરે કહ્યું કે 'શુદ્ધાત્મા સમજણ પાડજો. જે સાધક સાધ્યપણું પ્રાપ્ત કરે, તેને સાધ્યપણામાં શુદ્ધાત્મા જ છે એવું સમજાવજો.' ત્યારે કહે, 'શુદ્ધાત્મા કહીએ છીએ એને બદલે બીજું કંઈક, આત્મા એકલો કહે તો ના ચાલે ?' ત્યારે કહે, 'ના ચાલે. કારણ કે કંઈક એવો કર્મનો ઉદય આવશે, તે ઘડીએ એને પોતાને જ એમ લાગશે કે મેં આવું કર્યું, મેં આવું કર્યું' એમ કહેતાંની સાથે જ એ લટક્યો. કારણ કે કર્તા કોણ છે ? વ્યવસ્થિત. કોનું કર્યું ? તો કહે, રિલેટિવનું. હું રિયલ છું. હવે આત્માનો ગુણ શો ? ત્યારે કહે, જેવું ચિંતવે તેવો થઈ જાય. એટલે જો શુદ્ધાત્મા ચિંતવન થયું તો શુદ્ધાત્મા રહ્યો અને નહીં તો થઈ જાય પેલો.

એક આત્મા એકલો જ એવો છે, કારણ કે પોતે જેવી કલ્પના કરેને તેવો થઈ જાય. 'હું લેફ્ટનન્ટ છું' કહે તો એવો થઈ જાય. 'હું અજ્ઞાની છું' કહે તો એવો થઈ જાય, 'હું ક્રોધી છું' કહે તો તેવો થઈ જાય. જેવું કલ્પના કરેને તેવો થઈ જાય. તેથી આપણે એમને શું કરાવીએ છીએ ? 'હું શુદ્ધાત્મા છું' એ, તો તેવો થતો જાય. આપણે જે દેખાડ્યું છે એ તેવો થતો જાય છે. પાંચ વાક્યો (આજ્ઞા) આપ્યાં છે. બધાં પાપ તો છે તે આ ચંદુનાં, તારે શું લેવાદેવા ? એટલે પારકી વસ્તુ આપણે માથે લઈએ તો આપણે પાછાં તે રૂપ થઈ જઈએ. આ વિજ્ઞાન છે. આત્મા એકલાનો જ સ્વભાવ એવો છે કે જેવો ચિંતવે તેવો થઈ જાય. તરત પાછો, વારેય નહીં.

### જાગૃતિનો સદુપયોગ કે દુરુપયોગ ?

**પ્રશ્નકર્તા :** કયા પ્રકારની જાગૃતિ રાખીએ કે જેથી તે ઘડીએ ભાન રહે અને આ એને પ્રોટેક્શન ના અપાય ?

**દાદાશ્રી :** શેની જાગૃતિ રાખવાની ? અમારું કહ્યું સાંભળો એટલે થઈ ગયું, ખલાસ થઈ ગયું. એ તો મેં જાગૃતિ આપેલી જ છે ને ! એ જાગૃતિનો સદુપયોગ નથી થતો, દુરુપયોગ થાય છે.

**પ્રશ્નકર્તા :** જાગૃતિનો દુરુપયોગ થાય છે એ સમજાયું નહીં, દાદા.

**દાદાશ્રી :** આ અહીં લાઈટ હોય અને અંધારું હોય અને પછી આમ ફરીને હું જમવા બેસું તો જમવામાં દેખાય કશું ?

**પ્રશ્નકર્તા :** ના દેખાય.

**દાદાશ્રી :** એ સદુપયોગ કર્યો કહેવાય ?

**પ્રશ્નકર્તા :** દુરુપયોગ.

**દાદાશ્રી :** એ મહીં જીવડાં વેણજો, જે મહીં પડે તે.

### ખેંચની પકડમાં ફસાયા તો...

**પ્રશ્નકર્તા :** દાદાનું 'જ્ઞાન' મળ્યા પછી સાધારણ રીતે જીવન કેવું હોવું જોઈએ ?

**દાદાશ્રી :** ખેંચ વગરનું જીવન જીવવું જોઈએ. ખેંચ એટલે હું કહું કે 'ભઈ, આમ છે.' એટલે પછી એનું પોતાનું સત્ય કરાવવા માટે વારે ઘડીએ ખરું કર કર કરવું, એ ખેંચ કહેવાય.

**પ્રશ્નકર્તા :** પોતાનું ખરું કરવા એ માણસ ખૂબ દલીલો ઉપર ચઢે અને પોતાનું ખરું કરવા પ્રયત્ન કરે, ત્યારે સમજવું કે 'બેઝ' ખોટું છે.

**દાદાશ્રી :** પણ તેય, દલીલોય પોતાની

જાગૃતિપૂર્વક નથી કરાતી. અજાગૃતિ હોય ત્યારે જ દલીલ કરેને ! માણસ અજાગૃત હોય ત્યારે દલીલ કરે. જાગૃતિવાળા દલીલ કરતા હશે ?

**પ્રશ્નકર્તા :** દલીલ કરવી એ ખોટું છે કે સારું છે ?

**દાદાશ્રી :** એ સંસારમાં સારું છે. સંસારમાં જો તમારે કંઈક કરવું હોય તો સારું છે પણ મોક્ષે જવું હોય તો ખોટું છે.

એટલે નક્કી કરવું જોઈએ. જો તારે મોક્ષ જોઈએ છે કે આ જોઈએ છે, એમ કહેવું એને. મોક્ષ જોઈએ તો આ નહીં હોય અને આ હશે તો મોક્ષ નહીં હોય. એવું કહેવું આપણે. પછી નિશાની કેમની થવા માંડી આપણે તે જોઈ નિશાનીઓ.

નિશાની એટલે ? શું બનવાનું છે એના ઉપર ખબર પડશે, નહીં છોડે તો.

**પ્રશ્નકર્તા :** ઘણા લક્ષણો ઉપરથી ખબર પડે.

**દાદાશ્રી :** હા. અમે તો બહુ રક્ષણ કરે એટલે છોડી દઈએ. એ જાણીએ કે હેબીટ જ પડેલી છે. મારે છોડી દેવું જ સારું ને !

**પ્રશ્નકર્તા :** તમારે તો છૂટેલું જ છે ને, દાદા !

**દાદાશ્રી :** ના, એમ નહીં. તમે ખેંચાખેંચ કરો એટલે પછી હું એ વાત છોડી દઉં એ વધારે સારું ને !

**પ્રશ્નકર્તા :** હા દાદા, અમારે છોડવું જોઈએ પણ ના છૂટે તો તમે તો છોડો જ ને, દાદા.

**દાદાશ્રી :** ના પણ મારે છોડી દેવું જોઈએ કે રહેવા દેવું ?

**પ્રશ્નકર્તા :** તમે છોડી જ દો છોને, દાદા.

**દાદાશ્રી :** એટલે પછી તમે એમ ને એમ રહ્યા. તમને સમજાયું નહીં ! હું શું કહેવા માંગું છું તે ?

**પ્રશ્નકર્તા :** હા, મને સમજાઈ ગયું, દાદા.

## ભૂલોનું રક્ષણ તો પોતાનું ભક્ષણ

એવું છે ને, જાગૃતિ વગર ચંચળતા આવે ખરી ?

**પ્રશ્નકર્તા :** પણ જાગૃતિ આવે તો જ ચંચળતા જાય.

**દાદાશ્રી :** જાગૃતિ વગર ચંચળતા ના આવે, ને, જાગૃતિ હોય તો જ ચંચળતા જાય.

**પ્રશ્નકર્તા :** ચંચળતા હોય ત્યારે એ જાગૃતિ ના હોય ?

**દાદાશ્રી :** ના, એ જાગૃતિથી ચંચળતા થઈ. પણ હવે ચંચળતા થઈ, ત્યાં આપણે જાગૃતિ રાખવી જોઈએ. ચંચળતા એટલે તો બહુ મોટામાં મોટી જાગૃતિ કહેવાય. ચંચળતા એટલી બધી હોય નહીં. તમારા જેટલી ચંચળતા, બધા લોકોને ગજુ જ નહીં. પણ તે ચંચળતા પર જાગૃતિ રાખો. એટલે ચંચળતાની અસર તમને ના થવી જોઈએ, એવા જાગૃત થાવ. ઈફેક્ટિવનેસ ને સેન્સિટિવનેસ મોઢા પર તરત જ આવી જાય, તરત ખબર પડી જાય. નાનું છોકરું યે સમજી જાય કે આ ઈફેક્ટિવ થઈ ગયા છે. આપણે પૂછવા જવું ના પડે.

હવે એ એનું જ આપણે ઉપરાણું લઈ લઈએ છીએ, તો શું થાય ? એનું રક્ષણ કરીએ તો કોનું ભક્ષણ કરીએ છીએ આપણે ? આપણે એકનું રક્ષણ કરીએ તો બીજા ભક્ષણ કોનું કરીએ ?

**પ્રશ્નકર્તા :** જાતનું જ થાય.

**દાદાશ્રી :** પોતાની જાતની સ્થિરતાનું ભક્ષણ કરીએ.

## આત્મા થઈને પુદ્‌ગલનું ઉપરાણું શાને ?

ચંદુલાલના નામની કોઈ વાત કરે ને એ વાત કાનથી સાંભળવામાં આવી, વચ્ચે ભીંત હોય તોય સાંભળીને પછી મોઢું બગડી જાય. એટલે તમે ચંદુલાલ હતા એ વાત નિર્વિવાદ થઈ ગઈ. હવે તમે આત્મા છો તો ચંદુલાલ બિલકુલ નથી, ભલે ચંદુલાલની ગમે

એટલી વાતો હોય. મોઢામોઢ વાતો થાય પણ આપણે આત્મા ! ચંદુલાલને ને આપણે શું લેવાદેવા ?

આ તો ચંદુલાલ કહે છે, તેમાં 'પોતે' પરિણામ પામે છે. આપણે તો ચંદુલાલ કહે છે, તેને 'જોયા' કરવું જોઈએ અને ચંદુલાલને વઢવું જોઈએ ઊલટું કે 'શું આ ખેંચાખેંચ કરે છે તે ? શરમ નથી આવતી ?' આ તો બધાની પાસે હું આમ કરી લઉં, હું આમ કરી લઉં. એને એ પોતાને જીતેલા માને છે. આપણે વારેઘડીએ ઠપકો આપવો, ચંદુલાલ કરતા હોય તે.

**પ્રશ્નકર્તા :** ચંદુલાલ ખેંચ રાખે તો ભલે રાખે, આપણે છૂટા રહીએ તો શું વાંધો છે ? પોતે ખેંચથી છૂટા થઈ જાયને, તો ખેંચ એની મેળે ખરી પડે.

**દાદાશ્રી :** એ થઈ જાય છે, એવું જ છે પણ આ તો તમારા મનમાં એમ કે 'આ બધાને ના કરવા દઉં, હું કરી લઉં. આમ હું કરી લઉં.' પણ હું કરતાં કરતાં ચંદુલાલ થઈ જાવ છો તમે !

**પ્રશ્નકર્તા :** 'પોતે' ચંદુલાલ જ થાય છે તે ઘડીએ.

**દાદાશ્રી :** આ ખેંચ છે તે જ રોગ છે બધો. ખેંચ છોડી દેને, તો બધું એમનું રાગે પડી જાય. ખેંચ છોડી દેતા'તા ત્યારે રાગે પડી જતું ને ખેંચ પકડી કે ભેગું થઈ જાય ! એ ખેંચ તોડાવવા હારુ તો અમે બીજાને કહીએ કે તું આ કરજે. જ્યાં સુધી ખેંચ છે ત્યાં સુધી ચંદુલાલ. ખેંચ છૂટી કે તરત આત્મા. આપણે તો દાદા પાસે રહેવાનું થયું તે જ અજાયબી છે ને ! તમને સમજાય છે બધું આમાં ? કશું કામનું છે ?

**પ્રશ્નકર્તા :** મને એવું થાય કે આ ખેંચ કરે છે, એટલું મને સમજાય છે. પણ પછી પહેલાંની બિલિફો પડેલી છે ને...

**દાદાશ્રી :** અરે, બિલિફો કોને પડી છે પણ તે ? બળ્યું, એવું ને એવું બોલો છો, આત્મા તરીકે જુદા પાડી આપું છું તોય !

**પ્રશ્નકર્તા :** મને મહીં એટલું સમજાય છે કે આ ખોટું થઈ રહ્યું છે, અને એક વખતે મને એવું પણ લાગે કે હું ચંદુલાલથી જુદો છું. પણ છતાં પાછું ભેગું થઈ જાય છે.

**દાદાશ્રી :** તમે (ફાઈલ નં. ૧ને) વઢતા હોય તો બધું છૂટું પડી જાય. વઢવાડ થઈ ત્યાંથી જ દૃષ્ટિ સામાસામી થઈ જાય. એટલે વાતચીતમાં ખેંચ કરતા હોય તો 'ચંદુલાલ, શું ખેંચ ખેંચ કરે છે ? તારામાં જાનવરપણું છે કે શું ? એમાં ખેંચાખેંચ શું કરો છો ? બહાર કેવું દેખાય ?' એવું બરોબરના વઢતા હોય તો શું ખોટું ? 'દાદા કહે છે તો તમે વિચાર તો કરો', કહીએ ને ! અને દહાડામાં પાંચ-પચ્ચીસ વખત વઢી કાઢતા હોય તો છૂટું પડી જાય. આ અમારું વચનબળ છે.

## ડિફેક્ટને જાણનારો આત્મા

**પ્રશ્નકર્તા :** દાદા, મારે મોટી ડિફેક્ટ એ જ છે કે...

**દાદાશ્રી :** ડિફેક્ટ છે પણ જાણો છોને તો તમે આત્મા છો. 'તું' આત્મા છે ને 'આ' પુદ્ગલ છે. તમારે ક્યાં ડિફેક્ટ છે ? ડિફેક્ટ તો આ પુદ્ગલ આવું છે, બંધ આવો બંધાયેલો છે, તેમાં આપણને શું નુકસાન છે ? દાદા માથે છે ને પુદ્ગલ રાશિ હોય તો દાદા ચલાવી લે, પણ આપણે શા માટે માથે લઈએ ? તમે ચંદુભાઈ હતા, ત્યાં સુધી તો માથે લેવું પડે. હવે ચંદુભાઈ નથી તો ચંદુભાઈનો ભાર આપણે શું લેવાનો ? પાડોશીને તો રીતસર હોય. એ રડે તો આપણે રડવા લાગવું ? આ ચંદુભાઈ આવા છે એવું જાણીએ, એનું નામ જ જ્ઞાન !

એટલે આપણે આ ચંદુલાલ છીએ નહીં ને આ શુદ્ધાત્મા થઈ જવાનું છે. બીજી શું જરૂર છે ? તમને ખરેખર એમ ખાતરી થતી ગઈ કે ચંદુલાલ હું છું નહીં. અને ચંદુલાલની મિલ્કત એ તો એની છે, મારે શું લેવાદેવા ? અને તેય મિલકત બધી જોઈ આપણે. એ બધી વિનાશી મિલકત હતી. ખોવાઈ ગયા પછી જડે નહીં અને જડે તોય પાછી ફરી ખોવાઈ જવાની છે અને આ મારી (શુદ્ધાત્માની) મિલકત તો વિનાશી નથી, અવિનાશી છે. એ મારી મિલકત જુદી છે.

## ન લેવું ઉપરાણું પુદ્‌ગલનું

જ્યારે કંઈ ડખલ થાય ત્યારે કહે, અક્રમમાં આવું બળ્યું ! કે 'ભૂલ થઈ તો છોડી દેવું' અથવા તો 'મારું નહીં' એમ કહી દીધું કે છૂટી જાય. આપણું ના હોય આ બધું અને ઉપરાણું ના લેવું. પુદ્‌ગલનું ઉપરાણું લઈએ ત્યારે આપણને એ થાયને ! પુદ્‌ગલનું ઉપરાણું લઈએને ?

**પ્રશ્નકર્તા :** હા, પુદ્‌ગલનું ઉપરાણું લઈએ.

**દાદાશ્રી :** પુદ્‌ગલનું ઉપરાણું ક્યારે લીધું કહેવાય ? અહીં મચ્છર કૈડી ગયો. એટલે મચ્છર પર દ્વેષ થયા કરે, મારી નાખું ને આમતેમ, તે ઉપરાણું લીધું કહેવાય. અને આપણને કંઈ પણ દ્વેષ નથી ને રાગ નથી અને શરીરથી ઊડાડ્યો મચ્છર, એ ઉપરાણું ના કહેવાય.

### સમજાય તો કામ નીકળી જાય

તૈયાર થઈ જાવ તો કામ નીકળી જાય એવું છે. નહીં તો પછી કાચા રહી જશો. પ્રોટેક્શન કરશો તો પછી કાચું. પરિપક્વ કોઈ કરી આપશે નહીં. કારણ કે આ આવું છાંડેલું કોણ સમું કરી આપે ? જ્ઞાનીથી કાચું રહી ગયું, કોણ સમું કરી આપે ? માટે હજુ પ્રોટેક્શન તો કરવાનો, પણ પ્રોટેક્શન કરે તેનાય છે તે પ્રતિક્રમણ કરજે અને ભૂલ થઈ તેનાય છે તે પ્રતિક્રમણ કરજે. તે (તું પાછું) કરવાનો તેય હું જાણું. આ તો મહીં ગાંઠો આવડી આવડી પડેલી હોય અને એના આધારે તો જીવો છો બધું. એ ગાંઠોને લીધે લોકો પર લાગણીઓ ના હોય. બધા લોકો ઉપર લાગણી હોવી જોઈએ. કેમ ના હોવી જોઈએ ? બધા આત્મા છે એટલે લાગણી ના હોવી જોઈએ ? તેથી અમે કહીએ છીએને, એટલે નિસ્પૃહતા નહીં, સસ્પૃહ-નિસ્પૃહ. આત્માની બાબતમાં સસ્પૃહ છીએ, પુદ્‌ગલની બાબતમાં નિસ્પૃહ છીએ. એટલે લાગણી તો હોયને ! સસ્પૃહ એટલે બધે જ લાગણીઓ હોય, જીવમાત્ર જોડે. અને તું કહું મને લાગણી દાદા સિવાય કોઈ જગ્યાએ થતી જ નથી. તે શામાં પેસી ગયું બધું ? ત્યારે કહે, આ ગાંઠોમાં. આવડી આવડી ગાંઠો પડેલી હોય. કોણ છેદે આને ? અને સીધા સાદા માર ખઈ ખઈને મરી ગયા તોય પણ ગાંઠ ના છોડે. ગધે કા પૂંછ પકડા. આ તો બિચારા જૂઠુંય બોલે, વાંકું બોલે, પણ રાગે પાડી આપે. આ જૂઠુંય ના બોલે. તે સાચું હોય નહીં. સાચું તો પાછું એમની સમજણથીને ! સત્ય એમની સમજણનું ને ! હજીય કંઈ રાગે પાડો તો કામ થઈ જશે.

**પ્રશ્નકર્તા :** હવે રાગે પાડી નાખવું છે, દાદા.

**દાદાશ્રી :** પહેલાં કહેતા'તા, આ બધાને દોષ કહો છો. અમને બેને કેમ નથી કહેતા ? મેં કહ્યું, નહીં કહેવા જેવા તમારા બેના. કહેવા માંડ્યું ત્યારે પ્રોટેક્શન કરવા માંડ્યું. એટલે અનાદિકાળથી જે દોષો છે ને, પ્રોટેક્શન જ કર કર કર્યું છે.

**પ્રશ્નકર્તા :** પડ ચડાવ્યો, ઊલટાં પડ ચડાવ્યા.

**દાદાશ્રી :** હા, જમાડ જમાડ કર્યા છે અને અમે રિપેર કરવા લીધું. પછી કોણ રિપેર કરી આપશે ? પછી અમારું છોડેલું રિપેર કોઈ બીજું...

**પ્રશ્નકર્તા :** કોઈનું ગજુ નહીં, દાદા.

**દાદાશ્રી :** કૉમ્પ્લીકેટેડ થઈ ગયું હોય. કોઈ ભાંજઘડ જ નહીંને ! કશી ભાંજઘડ નહીં.

**પ્રશ્નકર્તા :** પ્રોટેક્શન કેમ થઈ જતું હશે ?

**દાદાશ્રી :** અહંકાર એવો કે પોતે ભૂલ કબૂલ કરે નહીં. એ તો કબૂલ ના કરવું હોય તેનો વાંધો નહીં, પણ ઉપરથી એનું પ્રોટેક્શન કરે. આજે સવારે એ એકલો ઊભો રહ્યો અને બીજો એક જણ હતો અને એના મનમાં એમ કે આ વિધિ કરવાની. ત્યારે મેં કહ્યું, અરે પણ ભેગા થવા દે. કોઈને આવવા તો દે, આમ શું કરવા કરે છે ? બધાને આવવા દે. ત્યારે કહે છે કે એ તો તમે કહ્યું હોત તો હું બધાને બોલાવી લાવત. દરેક બાબતમાં પ્રોટેક્શન કરે. અને જાણતાય ના હોય કે આ પ્રોટેક્શન કરીએ છીએ. ભાન જ નહીંને, બેભાનપણું !

દરેક માણસો જે ભૂલો કરે છે ને, તે બેભાનપણામાં કરે છે, ભાનથી નથી કરતા. ભાનમાં ભૂલ કરતો હશે ? તદ્દન બેભાનપણું હોય ત્યારે ભૂલ કરે.

**પ્રશ્નકર્તા** : ખરું, દાદા. આપે કહ્યું નહીં ત્યાં સુધી ખબર જ નહોતી પડી કે આ પ્રોટેક્શન થાય છે.

**દાદાશ્રી :** પ્રોટેક્શન, તે ભારે પ્રોટેક્શન. આ પ્રોટેક્શન તે બીજા લોક કરે તે જુદા અને આ તમારા પ્રોટેક્શન જુદી જાતના.

## ખપે પ્રતિક્રમણ, ભૂલોના રક્ષણ તણા

**પ્રશ્નકર્તા** : આપે કહ્યુંને, પ્રોટેક્શન કરે છે તોય ખબર નથી પડી કે અહીંયા પ્રોટેક્શન થયું એમ.

**દાદાશ્રી :** તને કોણ કહે ? કોણ શીખવાડે ? અને પેલો જાણેય શી રીતે તેં પ્રોટેક્શન કર્યું. આ કો'ક એમ કહી દે કે તું પાછો વકીલાત કરું છું ભૂલ કરીને. એવું કહે પણ પ્રોટેક્શન કર્યું એમ ના બોલેને. વકીલાત કરું છું એમ કહે. બે પ્રતિક્રમણ કરજે. એક તો ભૂલ થઇ તેનું. દોષને દોષ તરીકે સ્વીકારી લેવો અને ઉપરથી આ પ્રોટેક્શન કર્યું.

**પ્રશ્નકર્તા** : બન્ને પ્રતિક્રમણ.

**દાદાશ્રી :** તે દરેક વાતે પ્રોટેક્શન કરું છું. એવું નથી હોતું ? કેટલીક વખત પ્રોટેક્શન તારા મનમાં હોય છે પણ બહાર નીકળતું નથી હોતું. મનમાં તો ખરું જ.

**પ્રશ્નકર્તા** : પ્રોટેક્શન જ થયું ને ! એ તો બધું મનમાં હોય એટલે પ્રોટેક્શન જ થયું ને ?

**દાદાશ્રી :** એ પ્રોટેક્શન જ કર્યું કહેવાય, પણ એ બહાર નીકળે નહીં કેટલાક વખત. કેટલાક વખત બહાર નીકળે. પોતાની ભૂલનું પ્રોટેક્શન કરીને પછી છ મહિના સુધી પેલા માણસને ભેગો ના થાય ? એ માણસ ત્યાં તડ પાડી દે. તે જગતમાં શી રીતે આમાંથી નીકળે ? શી રીતે આ લોકોનું આ બધું નીકળે ?

**પ્રશ્નકર્તા** : આ બધું કોણ સમજાવે ?

**દાદાશ્રી :** આ તો આપણું જ્ઞાન છે એટલે ઠંડક રહે છે ને આ બધું રહે છે. પણ આ બીજા વ્યવહારિક બળો શી રીતે ખમી લે ? તેથી વ્યવહારની વાતો કરું છું બધી.

## ભૂલ તો ભાંગવી જ પડશે ને ?

આ તો તમને છટકવાનો રસ્તો મળ્યો, 'જ્ઞાની પુરુષ' મળ્યા. તે એનાથી છટકી જવાશે. 'જ્ઞાની પુરુષ' તમારી ભૂલ માટે શું કરી શકે ? એ તો માત્ર તમારી ભૂલ બતાવે, પ્રકાશ પાડે. રસ્તો બતાવે કે ભૂલનું ઉપરાણું ના લેશો. પણ પછી જો ભૂલોનું ઉપરાણું લે કે 'આપણે તો આ દુનિયામાં રહેવું છે, તે આમ શી રીતે કરાય ?' અલ્યા, આ તો ભૂલને પોષી. ઉપરાણું ના લઇશ. એક તો ભૂલ કરે અને ઉપરથી કલ્પાંત કરે, તો કલ્પના અંત સુધી રહેવું પડશે !

કોઇ ફેરો સારો સંજોગ બાઝયો નથી. હવે આ સારો સંજોગ 'જ્ઞાની પુરુષ'નો બાઝયો છે તો તમારું કામ નીકળી જશે ! જ્યારે ત્યારે ભૂલ તો ભાંગવી જ પડશેને ?

અમે તમને એટલું જ કહીએ કે દસ લાખ વર્ષે આવું થયું નથી, એવું આ (અક્રમ વિજ્ઞાન) થયું છે. આ તો બહુ ઊંચું વિજ્ઞાન છે. આ વિજ્ઞાન કોઈ અવતારમાં મળ્યું નથી. મળ્યું છે તો સાચવજો.

**- જય સચ્ચિદાનંદ**

---

**દાદાવાણી મેગેઝીનના વાર્ષિક સભ્યો માટે સૂચના**

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ દાદાવાણીના કવરના લેબલ પર ગ્રાહક નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી દાદાવાણી છે. દા.ત. DGIA41250 # અને જો આ મહિનાના કવરના લેબલ પર ગ્રાહક નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની દાદાવાણી છેલ્લી દાદાવાણી રહેશે. દા.ત. DGIA41250 # #. દાદાવાણી રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) પેજ નં. ૧ પર આપેલ છે.

**સૌરાષ્ટ્રના હાર્દ સમા રાજકોટ શહેરના આંગણે ભવ્ય ઉજવણીનો રૂડો અવસર....**

# પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૦૩મો જન્મજયંતી મહોત્સવ

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં...

**તા. ૧૬ થી ૨૦ નવેમ્બર ૨૦૧૦ (મહાત્માઓ-મુમુક્ષુઓ માટે સત્સંગ શિબિર)**

**તા. ૧૪ થી ૨૧ નવેમ્બર (સ્થાનિક લોકો માટે પ્રદર્શન)**

+ **આધ્યાત્મિક જ્ઞાનશિબિર** - તા. **૧૬ થી ૧૯ ઓક્ટોબર**, સવારે ૯-૩૦ થી ૧૨, સાંજે ૭-૩૦ થી ૧૦
+ **જ્ઞાનવિધિ** (આત્મસાક્ષાત્કાર પામવાનો ભેદજ્ઞાનનો પ્રયોગ) - તા. **૧૭ નવેમ્બર**, સાંજે ૬-૩૦ થી ૧૦
+ **જન્મજયંતી** - તા. **૨૦ નવેમ્બર**, સવારે ૮-૩૦ થી ૧, સાંજે ૪-૩૦ થી ૬-૩૦ - પૂજન-દર્શન-ભક્તિ

**વિશેષ આકર્ષણો :** મલ્ટીમીડિયા શો ધરાવતું થીમપાર્ક અને બાળકો માટે બાળદુનિયા (ચીલ્ડ્રન પાર્ક) - દરરોજ સાંજે ૫ થી રાત્રે ૧૦

**સ્થળ : રેસકોર્સ ગ્રાઉન્ડ, રાજકોટ. ફોન :** ૯૩૭૪૨૧૨૦૦૦

**નોંધ :** દરેક મહાત્માએ પોતાનું દાદા ભગવાન પરિવારનું પરમેનન્ટ આઈ-કાર્ડ સાથે અવશ્ય લેતા આવવું.

<u>બહારગામથી આવનાર મહાત્મા-મુમુક્ષુઓને વ્યવસ્થા માટે ખાસ સૂચનાઓ</u>

(૧) જે મહાત્મા-મુમુક્ષુ આ મહોત્સવમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેમણે તા. ૧૫ ઓક્ટોબર ૨૦૧૦ સુધીમાં પોતાના સત્સંગ સેન્ટરમાં તથા જ્યાં સત્સંગ સેન્ટર નથી, તેમણે અડાલજ ત્રિમંદિર (ફોનઃ ૦૭૯-૩૯૮૩૦૪૦૦) પર અવશ્ય રજીસ્ટ્રેશન કરાવવું. રજિસ્ટ્રેશન કરાવતી વખતે દાદા ભગવાન પરિવારના પરમેનન્ટ આઈ-કાર્ડનો નંબર ખાસ લખાવવો.

(૨) મહોત્સવમાં ભાઈઓ-બહેનો માટે અલગ ઉતારાની વ્યવસ્થા હોવાથી પોતપોતાનો સામાન જુદો લાવવો.

(૩) ઓઢવા-પાથરવાની ચાદર, એર પીલો (ઓશીકું), બેટરી, જરૂરી દવાઓ વિગેરે વસ્તુઓ સાથે લેતાં આવવું.

(૪) બધાંને ખાસ વિનંતી છે કે કોઈપણ પ્રકારનો કિંમતી સામાન સાથે લાવવો નહીં.

<u>જન્મજયંતી સ્થળ વિશે સામાન્ય જાણકારી</u>

+ જન્મજયંતી સ્થળ રેલ્વેસ્ટેશન તથા એસ.ટી. બસ ડેપોથી લગભગ ૩ કિમીના અંતરે છે. બન્ને જગ્યાએથી રીક્ષા ભાડું શટલ રીક્ષામાં રૂ. ૫ વ્યક્તિદીઠ તથા આખી રીક્ષાનું ભાડું લગભગ રૂ. ૨૦ લે છે. એરપોર્ટથી માત્ર ૧ કિમીના અંતરે છે. ત્યાંથી રીક્ષા ભાડું લગભગ રૂ. ૨૦ છે.

---

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં આગામી સત્સંગ કાર્યક્રમો

### મુંબઈ

તા. **૩-૪ ડિસેમ્બર**, (શુક્ર-શનિ) સાંજે ૬-૩૦ થી ૯ -**સત્સંગ** તથા **૫ ડિસે.**(રવિ), સાંજે ૫-૩૦ થી ૯ -**જ્ઞાનવિધિ**

**સ્થળ :** આઝાદ મેદાન, બી.એમ.સી. હેડ ઓફિસ સામે, વી.ટી.સ્ટેશનની સામે. **સંપર્ક :** ૯૩૨૩૫૨૮૯૦૧

### અમરાવતી

તા. **૭-૮ ડિસેમ્બર**, (મંગળ-બુધ) સાંજે ૬-૩૦ થી ૯ -**સત્સંગ** તથા **૯ ડિસે.**(ગુરુ), સાંજે ૬ થી ૯-૩૦ -**જ્ઞાનવિધિ**

**સ્થળ :** સંત જ્ઞાનેશ્વર સાંસ્કૃતિક ભવન, આઈટીઆઈ કોલેજની સામે, મોરશી રોડ. **સંપર્ક :** ૯૮૫૦૨૫૫૨૮૫

### કોલકતા

તા. **૧૭-૧૮ ડિસેમ્બર**,(શુક્ર-શનિ) સાંજે ૬ થી ૮-૩૦-**સત્સંગ** તથા **૧૯ ડિસે.**(રવિ), સાંજે ૫ થી ૮-૩૦-**જ્ઞાનવિધિ**

**સ્થળ :** વિદ્યા મંદિર, ૧, મોઈરા સ્ટ્રીટ, મીન્ટો પાર્ક, કોલકતા. **સંપર્ક :** ૦૩૩-૩૨૯૩૩૮૮૫

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં આગામી સત્સંગ કાર્યક્રમો

### ત્રિમંદિર અડાલજ

તા.**૧૬ ઓક્ટોબર** (શનિ) સાંજે ૪-૩૦ થી ૭ **પ્રશ્નોત્તરી સત્સંગ**

તા.**૧૭ ઓક્ટોબર** (રવિ) બપોરે ૩-૩૦ થી ૭ **જ્ઞાનવિધિ** (જ્ઞાન લેવા આવનારે સમયસર પહોંચી જવું.)

તા. **૫ નવેમ્બર** (શુક્ર) રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ **દિવાળી** નિમિત્તે વિશેષ ભક્તિ (મહાત્માઓ દ્વારા)

તા. **૭ નવેમ્બર** (રવિ) સવારે ૮-૩૦ થી ૧૨-૩૦ **નૂતન વર્ષ** નિમિત્તે દર્શન-પૂજન-ભક્તિ

નોંધ : પૂજ્ય દીપકભાઈની દુબઈથી ફ્લાઈટ ૫ નવેમ્બરની હોવાથી દિવાળીની ભક્તિમાં હાજર રહી શકશે નહીં.

### નૈરોબી-મોમ્બાસા (કેન્યા)

**આધ્યાત્મિક જ્ઞાનશિબિર :** તા.**૨૨ થી ૨૪ ઓક્ટોબર** (શુક્ર-શનિ-રવિ), સવારે ૧૦ થી ૧૨, સાંજે ૪-૩૦ થી ૭

**સ્થળ :** બ્રુકહાઉસ સ્કૂલ, મગાડી રોડ, લંગાતા, **નૈરોબી**. **સંપર્ક :** + 254 724841001

તા. **૨૫ અને ૨૭ ઓક્ટોબર**, રાત્રે ૮ થી ૧૦ - **સત્સંગ** તથા તા. **૨૬ ઓક્ટો.**, સાંજે ૭ થી ૧૦ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** વિસા ઓશવાલ સેન્ટર ઓડિટોરીયમ, રિંગ રોડ, નકુમેટ ઉકાયની સામે, **નૈરોબી**.

**સંપર્ક :** +254 735856516, 724841001, 737777666, **E-mail:** admin@dadabhagwan.or.ke

તા.**૨૯-૩૦ ઓક્ટો.** (શુક્ર-શનિ), રાત્રે ૮ થી ૧૦ - **સત્સંગ** તથા તા.**૩૧ ઓક્ટો.**, સાંજે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** નવનાત ભવન, વેમ્બે તયારી રોડ, સેફાયર હોટલની પાછળ, **મોમ્બાસા**. **સંપર્ક :** +254 770081727

### દુબઈ (યુ.એ.ઈ.)

તા. **૨-૩ નવેમ્બર**, (મંગળ-બુધ) સાંજે ૭ થી ૯ - **સત્સંગ** તથા **તા. ૪ નવેમ્બર** (ગુરુ), સાંજે ૫ થી ૯ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** હોટલ Dhow Palace, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક પાસે, કુવૈત સ્ટ્રીટ, **બર દુબઈ**.

**ફોન :** (+971 50)5536345, 7853967, **E-mail:** appu_vora@hotmail.com

---

### પૂજ્ય નીરુમાને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
- **'દૂરદર્શન - ડીડી-ગિરનાર' પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦**
- **'અરિહંત' ચેનલ પર દરરોજ સવારે ૧૦ થી ૧૦-૩૦**
- **'દૂરદર્શન' પર દરરોજ બપોરે ૩-૩૦ થી ૪ - ગુજરાતમાં. (અન્ય રાજ્યોમાં ડીડી-ગિરનાર પર)**
- **ઝી જાગરણ પર દરરોજ રાત્રે ૯-૩૦ થી ૧૦ (હિન્દીમાં)**

**સમગ્ર વિશ્વમાં (ભારત સિવાય) - 'સોની' ટીવી પર દરરોજ સવારે ૬-૩૦ થી ૭ (હિન્દીમાં)**

**USA**
- **'TV Asia' - દરરોજ સવારે ૭ થી ૭-૩૦ EST (ગુજરાતીમાં)**

**UK**
- **'આસ્થા ઈન્ટરનેશનલ' પર દરરોજ સવારે ૮ થી ૮-૩૦**

### પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
- **'દૂરદર્શન' પર દર ગુરુવારે સવારે ૯ થી ૯-૩૦ (હિન્દીમાં) - નવો કાર્યક્રમ**
- **'Bizz news' પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮**
- **'અરિહંત' ચેનલ પર દરરોજ સાંજે ૭-૩૦ થી ૮**
- **'દૂરદર્શન' ડીડી-ગિરનાર પર દરરોજ રાત્રે ૯ થી ૯-૩૦ - 'જ્ઞાનપ્રકાશ'**
- **'આસ્થા' પર દરરોજ રાત્રે ૧૦-૨૦ થી ૧૦-૫૦ (હિન્દીમાં)**

**USA**
- **'SAHARA ONE' - સોમથી શુક્ર - સવારે ૯ થી ૯-૩૦ EST (ગુજરાતીમાં)**

**UK-USA**
- **'આસ્થા ઈન્ટરનેશનલ' પર દરરોજ રાત્રે ૯-૩૦ થી ૧૦**

ઓક્ટોબર ૨૦૧૦
વર્ષ-૧૬, અંક-૨
સળંગ અંક - ૧૮૨

# દાદાવાણી

Reg. no. of Newspaper 67543/95
Reg. no. GAMC - 1143/2009-2011
valid up to 31-12-2011
LPWP Licence No. CPMG/GJ/23/2009-2011
Valid up to 21-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 1st of each month.

## ઉપરાણાથી થાય એક્સટેન્શન

જે પ્રતીતિમાં આવ્યું અને જે સમજણમાં આવ્યું તે અવશ્ય થવાનું છે, નિર્વિવાદ. પણ થવામાં લાંબું કરે, એનું કારણ જ્યાં સુધી એ અણસમજણ હતી ત્યાં સુધી આપણે એનું ઉપરાણું લેતા હતા. જ્યારે ઉપરાણું લઈએને ત્યારે એ વધારે મજબૂત થાય. આ વસ્તુનું ઉપરાણું લઈએ તો તો એ વધારે મજબૂત થશે. 'આ વસ્તુ ખોટી છે' એવું આપણે જાણ્યું અને 'કરવા જેવી નથી' એય જાણ્યું તો હવે કોઈ જગ્યાએ એ વસ્તુ ખોટી છે તે જાહેર કરવી. કોઈ આની વાત કરવા જાય અને 'ખરી છે કે ખોટી' એમ પૂછે તો આપણે તરત કહી દેવું કે 'એ ખોટી છે પણ મારી નબળાઈને લઈને થાય છે'. આટલું જાહેર કરવું એટલે એને એક્સટેન્શન ના મળે. નહીં તો કહે કે શું વાંધો ? એટલે એને વીસ વર્ષ એક્સટેન્શન મળે પાછું.

- દાદાશ્રી

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - શ્રી દીપકભાઈ દેસાઈ દ્વારા મહાવિદેહ ફાઉન્ડેશન પ્રેસ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઈન્કમટેક્ષ, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશન કર્યું છે.

Printed by Mahavideh Foundation - (079) 27542964,27540216